જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૨-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દિલ્હીમાં વડાપ્રધાન મોદી-શાહે રાષ્ટ્રીય અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું

ભાજપ ઈચ્છે છે કે રામ જન્મભૂમિ પર ભવ્ય મંદિરનું નિર્માણ થાય: શાહ



ન્યુ દિલ્હી

દિલ્હીના રામલીલા મેદાનમાં પીએમ મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહે પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું. આ અવસરે ગૃહ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ, સિનિયર નેતા મુરલી મનોહર જોશી અને લાલકૃષ્ણ અડવાણી સહિત અનેક નેતા ઉપસ્થિત છે.

અમિત શાહે પોતાના ભાષણમાં કહ્યું કે, અમે ઘોષણા પત્રમાં રામ મંદિર માટે વાયદો કર્યો. ભાજપ ઈચ્છે છે કે તે સ્થળે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થાય. સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. અમે ઈચ્છીએ છીએ કે વહેલામાં વહેલી તકે સુનાવણી પૂરી થાય. અમે કહ્યું છે કે બંધારણીય રીતે રામ મંદિરનું નિર્માણ થશે. પરંતુ કોંગ્રેસ તેમાં અડચણ ઊભા કરી રહી છે.

પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કહ્યું કે, અમે એક સપ્તાહમાં બે ઐતિહાસિક નિર્ણય લીધા. ગરીબોને ૧૦ ટકા અનામતનો નિર્ણય ખૂબ જ ઐતિહાસિક છે. અનામત બિલથી યુવાનોનુંસપનું પૂરું થશે. ભાજપની મોદી સરકારે વર્ષોથી ચાલી આવતી માંગ અનામત બિલના બંને ગૃહોમાં પાસ કરાવીને કરોડો યુવાઓનું સપનું સાકાર કર્યું છે.

શાહે કહ્યું કે, સમગ્ર દુનિયામાં પીએમ મોદી જેટલા લોકપ્રિય નેતા બીજા કોઈ નથી. ચૂંટણીમાં આપણી જીત સુનિશ્ચિત છે. દેશની જનતા પીએમ મોદીની પાછળ ખડકની જેમ ઊભી છે.

શાહે વધુમાં કહ્યું કે, જીએસટી લાગુ થયા બાદથી દરેક જીએસટી બેઠકમાં એક પછી એક વસ્તુઓના ભાવ ઓછા કરવા અને જીએસટીના સરળીકરણ માટે અમે હંમેશા કામ કર્યું છે.

ઉ.પ્રમાં સપા-બસપા ગઠબંધનને લઈને શાહે કહ્યું કે એક બીજાને મોઢું ન બતાવનાર આજે હારના ડરથી એક સાથે આવી ગયા છે, તેઓ જાણે છે કે મોદીને એકલા હાથે હરાવો મુશ્કેલ છે. ભાજપ અધ્યક્ષે કહ્યું કે રાજ્યમાં ૫૦ ટકાની લડાઈ છે. ભાજપ ઉ.પ્રમાં ૭૩માંથી ૭૨ સીટો નહીં લાવે, પરંતુ તે ૭૪ થઈ શકે છે. અમિત શાહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, ×જામીન પર છૂટેલા લોકોના આરોપોથી કોઈ ફરક પડતો નથી. રાહુલ ભલે આરોપ લગાવતા રહે, દેશની પ્રજા બધું જ જાણે છે. ૨૦૧૯ની ચૂંટણી વૈચારિક યુદ્ધની ચૂંટણી છે.

CBI ડિરેક્ટર પદેથી દૂર થયા બાદ આખરે વર્માનું રાજીનામું

૩૧મી જાન્યુઆરીના દિવસે આલોક વર્મા નિવૃત્ત થનાર હતા : રાકેશ અસ્થાના સાથે લાંબી ખેંચતાણ બાદ આખરે નિરાશાજનક અંત : આક્ષેપ-પ્રતિઆક્ષેપો

નવીદિલ્હી

હાઈપાવર્ડ સિલેક્શન કમિટિ દ્વારા સીબીઆઈના ડિરેક્ટર પદેથી દૂર કરવામાં આવ્યા બાદ અને બદલી કરવામાં આવ્યાના એક દિવસ બાદ આલોક વર્માએ આજે સરકારમાંથી રાજીનામુ આપી દીધું હતું. સરકારને રાજીનામુ મોકલીને આલોક વર્માએ તમામને ચોંકાવી દીધા છે. આલોક વર્માની ફાયર સર્વિસના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. જો કે, પહેલા તો ચાર્જ લેવાનો ઈન્કાર કર્યો હતો અને હવે રાજીનામુ આપી દીધું છે. અરુણાચલ પ્રદેશ-ગોવા-મિઝોરમ તથા કેન્દ્ર શાસિત પ્રદેશ કેડરમાંથી ૧૯૭૯ બેચના આઈપીએસ ઓફિસર આલોક વર્મા સીબીઆઈના ૨૭માં ડિરેક્ટર તરીકે હતા. તેઓ દિલ્હી પોલીસના કમિશનર તરીકે પણ રહી ચુક્યા છે. ૩૧મી જાન્યુઆરીના દિવસે આલોક વર્મા નિવૃત્ત થઈ રહ્યા હતા. વર્મા પહેલી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે સીબીઆઈના ડિરેક્ટર બન્યા હતા. તેમની અવધિ ખુબ જ વિવાદાસ્પદ રહી હતી. છેલ્લે ભ્રષ્ટાચારના આરોપોને લઈને તેમને બે વર્ષની નિર્ધારિત અવધિ પહેલા જ દૂર કરવામાં આવ્યા હતા. વર્મા અને સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ એકબીજા ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. મોડેથી અસ્થાનાની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ વિવાદ એટલો હદ સુધી વધી ગયો હતો કે, સરકારે બંને અધિકારીઓને બળજબરીપૂર્વક રજા ઉપર મોકલી દીધા હતા.

બેઝીક પેકની કિંમત રૂ ૧૩૦ જીએસટી થતાં થશે રૂ ૧૫૩,૧૦૦ ફી ટુ એર ચેનલો જોવા મળશે

૧લીથી ગ્રાહક જે ચેનલ જોવા માંગતો હશે તેણે માત્ર તેના જ પૈસા ભરવાના રહેશે

ન્યુ દિલ્હી

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા ટીવી પર પ્રસારિત થતી ચેનલોને લઈને તૈયાર કરાયેલા નવો નિયમ ૧ ફેબ્રુઆરી ૨૦૧૯થી અમલ થશે. આ નિયમો હેઠળ ડીટીએચ અને કેબલ ઓપરેટરો નવા પ્લાન લોન્ચ કરશે. જેમાં ગ્રાહકોને સીધો ફાયદો થશે. ટીવી ચેનલો જોવા માટેના નવા નિયમો હેઠળ પહેલાની સરખામણીમાં મોટા વેલિડિટી પેકની જગ્યાએ ઓછી વિલિડિટી ધરાવતા પેક પણ રિચાર્જ કરાવી શકાશે. જેથી ટીવીના ચેનલ પેક સબસ્ક્રાઈબ કરનાર ગ્રાહકોને બચત થશે.

૧લી ફેબ્રુઆરીથી નવા પેક નવા દર પ્રમાણે ચેનલો ગ્રાહકોને આપવી પડશે. નવા નિયમ હેઠળ ગ્રાહક જે ચેનલને જોવા ઈચ્છશે માત્ર તેમના જ નાણાં ચૂકવવાના રહેશે. નવા પ્લાન હેઠળ ગ્રાહકોને બેઝિક પેક લેવાનું રહેશે. જેની કિંમત ૧૩૦ રૂપિયા પ્રતિ મહિના નક્કી કરવામાં આવી છે, જેના પર જીએસટી અલગથી લાગશે. તે હિસાબે બેઝિક પેકની કિંમત ૧૫૩ રૂપિયા થઈ જશે. બેઝિક પેકમાં ૧૦૦ ફ્રી ટૂ એર ચેનલો જોવા મળશે. આ ઉપરાંત ગ્રાહકો કોઈ ખાસ ચેનલની ભરપાઈ સાથે કંપની દ્વારા રજૂ કરવામાં આવનારા મોટા પેક પણ સબસ્ક્રાઈબ કરી શકશે. ૧૦૦ ફ્રી ટૂ એર ચેનલો ઉપર જો કોઈ ૨૫ ચેનલોને પસંદ કરે છે તો, તેમણે નેટવર્ક કેપેસિટી ફી તરીકે ૨૦ રૂપિયા ભાડું અલગથી આપવાનું રહેશે. આ ઉપરાંત જો કોઈ ૧૫થી ઓછી ચેનલો પસંદ કરે છે તો, તેમણે પ્રત્યેક ચેનલ દિઠ ૧ રૂપિયા ભાડું ચૂકવવું પડશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

ZAVERI

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850

ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850(વોટ્સએપ) સમય 10am to 5pm

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Paras SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી	3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે	3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે
₹330	₹450	₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકર્મીથી ચુકવાશે જશે, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકવ્યુ ઉત્તમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડવી કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે ૧૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ઓટો મોડવી કપાવી) આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે ૧૫૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

પતંગના માધ્યમથી 'સાયમન કમિશન ગો-બેક''નો સંદેશ મોકલાયો હતો

કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં બે દિવસ ચાલનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૯નો કરાયો પ્રારંભ

દેશ-વિદેશના પતંગબાજોએ અવનવા પ્રકારનાં પતંગ ચગાવી ગગનમાં રંગબેરંગી આભા પાથરી





ભુજ,કચ્છના પ્રખ્યાત સફેદરણ ધોરડો ખાતે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ અને વહીવટીતંત્રના સહયોગથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૨ દેશોના ૪૮ સહિત દેશના અલગ-અલગ રાજયોના પતંગબાજોએ અવનવા આકાર-પ્રકારનાં પતંગ ચગાવી આભમાં જાણે રંગબેરંગી આભા પાથરી દીધી હતી.

આજે ધોરડો વોચટાવર ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ-૨૦૧૯ને આકાશમાં બલુન છોડીને જિલ્લા કલેકટર રેમ્યા મોહને કાર્યક્રમને હર્ષનાદ સાથે ખુલ્લો મૂકયો હતો.

આ અવસરે કાર્યક્રમના અધ્યક્ષપદેથી જિલ્લા કલેકટર રેમ્યા મોહને આ પ્રસંગે દેશ-વિદેશના કાઈટીસ્ટોને કચ્છમાં રાજય સરકાર, વહીવટીતંત્ર અને પ્રવાસન વિભાગ વતી ઉષ્માભેર સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષથી યોજાઈ રહેલો પતંગ મહોત્સવમાં શરૂઆતમાં ફકત બે દેશોના સાત વિદેશી મહેમાનોથી પ્રારંભ કરાયો હતો જેનો વ્યાપ વધીને આજે કચ્છમાં જ ૧૨ દેશોના ૪૮ કાઈટીસ્ટો સહિત દેશના ૬ રાજયોમાંથી ૩૧ પતંગબાજો કચ્છમાં આવ્યા છે.

દુનિયાભરની પતંગબાજીની કળાને પતંગોત્સવના માધ્યમથી પ્લેટફોર્મ બનાવીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવાનું કાર્ય થઈ રહ્યું છે, તે ખૂબ આનંદની વાત છે. કચ્છમાં યોજાતો પતંગોત્સવ સફેદરણના સૌંદર્યને માણવાની અનેરી તક પૂરી પાડે છે, તે કચ્છ માટે ગૌરવ સમાન છે, તેમ વધુમાં જિલ્લા કલેકટર રેમ્યા મોહને જણાવ્યું હતું.

ધોરડો ખાતે ફ્રાંસના-૪, જર્મનીથી-૨, હંગેરીથી-૪, ઈઝરાયેલના-૬, ઈટાલીના-૫, કેન્યાથી-૨, કોરીયા રીપબ્લિકના ૪, કુવૈતના-૩, લિથુઆનિયાથી -૭, મલેશિયાના-૨ અને ઈન્ડોનેશિયાથી-૪ કાઈટીસ્ટો ઉપરાંત કેરાલાના-૪, પંજાબથી-૩, રાજસ્થાનથી-૮, તામીલનાડુના-૭, લખનૌથી-૪ અને ઉત્તરાખંડના ૫ પતંગબાજો ધોરડોના મહેમાન બન્યાં હતા.

આ પ્રસંગે ઉતર પ્રદેશથી આવેલા કાઈટીસ્ટ માલાબેન શ્રીવાસ્તવે પોતાના પ્રતિભાવ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, તેમની પાસે વર્ષો પહેલાનાં ઐતિહાસિક પતંગોનું કલેકશન પણ છે. જેમાં સૌથી જૂની પતંગ ૧૮૯૯ની પણ ઉપલબ્ધ હોવાનું અને તેમના પિતાશ્રી બી.પી. શ્રીવાસ્તવનું કલેકશન સાચવી રાખ્યા હોવાનું અને ધોરડોમાં લાવ્યા હોવાનું જણાવી તેનાથી આવનારી પેઢીને જાણકારી મળી રહેશે તેવી આશા દર્શાવી કાગળની પતંગ અને દોરાથી બાંધીને શું નથી કરી શકાતું તેવો સંદેશ આપતો એક કિસ્સો કહી સંભળાવ્યો હતો.

લખનૌમાં સાયમન કમિશનની બેઠક ચાલી રહી હતી તેમાં કોઈપણ વ્યકિતને અંદર પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. તે સમયે પતંગના માધ્યમથી 'સાયમન કમિશન ગો બેક'' નો સંદેશ મોકલાયો હતો તે પતંગ તેમના કલેકશનમાં હોવાનું જણાવી જિલ્લા કલેકટર રેમ્યા મોહનને પોતાનું કલેકશન બતાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર રેમ્યા મોહને દેશ અને વિદેશી પતંગબાજોના સ્ટોલમાં જઈ મૂલાકાત લઈ પ્રવાસીઓનું અભિવાદન કર્યું હતું. જિલ્લા કલેકટર અને મંચસ્થોના હસ્તે દેશ-વિદેશથી આવેલા કાઈટીસ્ટોનું કચ્છી શાલથી સ્વાગત-સન્માન કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભે ભુજ પ્રાંત અધિકારી આર.જે.જાડેજાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ભુજ તાલુકા પંચાયત અધ્યક્ષ હરેશભાઈ ભંડેરી, ધોરડોના સરપંચ મીયાંહુસેન ગુલબેગ, મહામંત્રી જેમલભાઈ રબારી ઉપસ્થિત રહયા હતા.

પશ્ચિમ કચ્છના ઈન્ચાર્જ પોલીસ જે.કે.જેસ્વાલ, ડીવાયએસપી પંચાલ, પ્રિતાબેન શ્રીવાસ્વ, મામલતદાર સોની, ટીડીઓ ભટ્ટી, પીસીજીએલના મનોજ રાવત, નિરવ પટ્ટણી, નાયબ મામલતદાર અનિલ ત્રિવેદી તેમજ પ્રવાસનના અધિકારીઓ સહિત વહીવટીતંત્રના કર્મીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન પંકજભાઈ ઝાલાએ કર્યું હતું.

રાધનપુર વિસ્તારમાંથી રૂ.૨૮,૫૬,૦૦૦ દારૂનો જથ્થો ભુજ આર.આર.સેલ.એ પકડી પાડ્યો



ભુજ કચ્છઃ પોલીસ મહાનિરિક્ષક ડી.બી.વાઘેલા સરહદી રેન્જ ભુજ નાઓની સરહદી રેન્જ ભુજ વિસ્તારમાં પ્રોહીની બદીને નેસ્ત નાબૂદ કરવા સારું કડક અમલવારી કરવા મળેલ સૂચના આધારે જી.એમ.હડિયા પો.સ.ઈ. આર.આર.સેલ ભુજ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ હેડકો નરપતસિંહ, અ.હેડ.કોન્સ. મહેન્દ્રસિંહ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો રાધનપુર ભાભર ત્રણ રસ્તા ઉપર પ્રોહી વોચ પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ભાભર તરફથી એક આઈસર ગાડી નંબર જી.જે.૬ એવી ૭૮૨૬ માં એક ઈસમ ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરી રાધનપુર તરફ આવી રહેલ છે. જે હકીકત આધારે રાધનપુર ભાભરત્રણ રસ્તા નાકા બંધી કરી ભજનારામ લાડુરામ વિશ્નોઈ રહે સંઘડવા રાજસ્થાન વાળાને આઈશર ટ્રકમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બોટલ ૨૮૫૬૦ કી.રૂ. ૨૮,૫૬,૦૦૦/-, મો. ફોન.૧ કિ.રૂ. ૧૦૦૦, ગાડી કી.રૂ.૧૦,૦૦,૦૦૦ મળી કુલ કી.રૂ. ૩૮,૫૭,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ હોઈ જે અંગે રાધનપુર પો.સ્ટે.માં ગુન્હો નોંધાવેલ છે.

બિન અનામત વર્ગો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરી

દેશના પ્રધાનમંત્રીએ સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર ચરિતાર્થ કરી બતાવ્યુ છેઃ ચેરમેન હંસરાજ ગજેરા



ભાવનગર; બિન અનામત વર્ગો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરી અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર ચરિતાર્થ કરી બતાવ્યુ છે તેમ ગુજરાત રાજય બિન અનામત વર્ગોનું આયોગના ચેરમેન હંસરાજ ગજેરાએ આજે તા. ૧૧ જાન્યુ. ના રોજ બપોરે ૧૨/૩૦ થી ૧૫/૩૦ કલાક સુધી આયોગની કામગીરી તથા યોજનાઓની જાણકારી અર્થે ભાવનગરના સર્કીટ હાઉસ ખાતે બિન અનામત એવાં વિવિધ વર્ગોના આગેવાનો સાથે બેઠક યોજી અને જણાવ્યુ હતુ. વધુમા તેમણે ઉમેર્યુ હતું કે આયોગ અને નિગમ દ્વારા બિન અનામત જાતિમાં સમાવેશ થયેલાં લોકોના કલ્યાણ અર્થે ૦૮ પ્રકારની યોજનાઓ કાર્યરત છે જેવી કે- શૈક્ષણિક અભ્યાસ માટે લોન સહાય યોજના, વિદેશ અભ્યાસ યોજના, ભોજન બિલ સહાય, ટ્યુશન સહાય યોજના, જી, ગુજકેટ, નીટ પરીક્ષા આપવા માટે કોચીંગ સહાય યોજના, સ્પર્ધાત્મક પરિક્ષા માટે તાલીમ સહાય યોજના, સ્વરોજગાર લક્ષી યોજના, તબીબી, સ્નાતક, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે બેંક ધિરાણ સામે વ્યાજ સહાય યોજના. તેઓએ આ બેઠકમાં ઉપસ્થિત વિવિધ સમાજના આગેવાનોને અનુરોધ કરી અને જણાવ્યુ હતું કે સમાજના સર્વાંગી વિકાસ અર્થે જાગ્રુત રહી સરકારી યોજનાઓની સંપૂર્ણ માહિતી મેળવી લોકો સુધી પહોંચાડવાથી જ તેના મીઠા ફળ નિર્માણ થતા હોય છે પરિણામે સૌના સાથ થકી સૌનો વિકાસ સરળ બનશે. આયોગના સભ્ય સચિવ ડો. દિનેશ કાપડિયાએ સ્લાઈડ શો મારફતે આયોગ અને નિગમની કામગીરીની વિગતે જાણકારી આપી હતી. આ બેઠકમાં ઉપસ્થિત વિવિધ સમાજના આગેવાનોએ જરૂરી સુચનો કર્યા હતા. આ બેઠકમા મહિલા અને બાળ કલ્યાણ આયોગના ડીરેકટર પ્રભાબેન પટેલ, મ્યુ. કોર્પો.ના શાસકપક્ષના નેતા યુવરાજસિંહ ગોહિલ,દંડક પરેશ પંડ્યા, નિવાસી અધિક કલેકટર ઉમેશ વ્યાસ, સમાજ કલ્યાણ અધિકારી એસ. કે. વસાણી, વિકસતી જાતિ નાયબ નિયામક ત્રિવેદી, અનુસુચિત જાતિ વિકાસ નિગમના ઈન્ચાર્જ મેનેજર હર્ષ બચ્ચન,દહેજ પ્રતિબંધ અધિકારી જલ્પાબેન સહિત બિન અનામત એવાં વિવિધ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

રાણપુરના અણીયારી (કાઠી) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાણપુર ઊની ખાદી કેન્દ્રની મુલાકાત કરી





બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના અણીયારી (કાઠી) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાણપુરમાં આવેલી ભારત ની પ્રખ્યાત એક માત્ર ઉની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળની મુલાકાત કરી હતી મોટી સંખ્યામાં આવેલા વિદ્યાર્થીઓએ ખાદી સંસ્થાના બહેનો દ્વારા વિજળી વગર હાથ વણાટ થી વિવિધ વસ્ત્રો ઉની વણાટ,ઉની ગુથણ, ઉની સ્ટીચીગ, ઉની ડાઈંગ જેવા ઉની વસ્ત્રોની વિવિધ ઉત્પાદનની પ્રકીયાની જાણકારી મેળવી હતી આ પ્રસંગે ખાદી સંસ્થાના સ્ટાફ, આચાર્ય મોરી સાહેબ, શિક્ષકોએ સાથે મળી બાળકોને ૧૫૦મી ગાંધી જયંતી અગે વિવિધ પ્રવૃતીઓનુ નિદર્શન કરવામાં આવ્યુ હતુ જયારે સંસ્થાના ચેરમેન ગોવિંદસિંહ ડાભી એ વિદ્યાર્થીઓને પુજય સંતબાલજી દ્વારા સ્થાપીત ઉની ખાદી સંસ્થાની કામગીરી અંગે માહીતગાર કર્યા હતા અણીયાળી (કાઠી) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાણપુર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળની મુલાકાત લઈ આ ઉની ખાદી સંસ્થાની કામગીરી જોઈને ખુબજ ખુશ થયા હતા અને વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતુ કે દરેક લોકોએ ફરજીયાત ખાદીની ખરીદી કરવી જયારે ઉની ખાદી સંસ્થા તરફથી તમામ વિદ્યાર્થીઓને બિસ્કીટ ના પેકેટ નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

રાણપુરમાં કરૂણા અભિયાન-૨૦૧૯

સામાજિક વનીકરણ વિભાગ બોટાદ દ્વારા પક્ષી બચાવો અભિયાનનો પ્રારંભ

ઉતરાયણ પર્વ નજીક છે ચાઈનીઝ દોરી તથા ઘાતક કાચ પાયેલી દોરીથી ઈજાગ્રસ્ત થતા પક્ષીઓ માટે સામાજિક વનીકરણ વિભાગ બોટાદ દ્વારા પક્ષી બચાવો અભિયાન નો પ્રારંભ આજે બોટાદ જીલ્લાના રાણપુર ખાતે થયો હતો સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા પક્ષીઓ બચાવો અભિયાન રેલી કાઢવામાં આવી હતી અને આ રેલી રાણપુર ના મુખ્ય માર્ગો ઉપર ફળી હતી રાણપુરના ડી.એફ.ઓ.એમ એમ ભરવાડ સાથે વાત કરતા તેમણે જણાવેલ છે કે સવારના ૯ થી સાંજના ૫ કલાક સુધી જ પતંગ ચગાવવાનો આગ્રહ રાખવો જોઈએ કારણ કે વિહરતા પક્ષીઓ પોતાના પરિવાર થી અળગા ન થાય તે માટે ખાસ કાળજી રાખવી કોઈ પક્ષી ઈજાગ્રસ્ત હાલતમાં જણાય તો પક્ષી સારવાર કેન્દ્ર સ્થળ રેન્જ ફોરેસ્ટ ઓફીસ નવી આઈ.ટી.આઈ. કોલેજ પાછળ પાળીયાદ રોડ રાણપુર તથા પશુ દવાખાનુ તાલુકા પંચાયત પાસે સંપર્ક કરવા જણાવેલ છે તથા આજરોજ આ અભિયાન ના પ્રારંભે જ દોરીથી ઘાયલ થયેલા ટીટોડી અને કબુતર ને સારવાર અપાઈ હતી જ્યારે ડી.એફ.ઓ.એમ એમ ભરવાડ, વેટરનરી કણઝરીયા, વનપાલ એ.સી. ડોડીયા, ચોકીદાર સુરેશભાઈ પરમાર દ્વારા રાણપુર ની અલગ અલગ સ્કુલો ની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પતંગ પર્વ દરમ્યાન કેવી રીતે સાવચેતી રાખવી તેનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ જેમા પતંગ ચગાવતી વખતે વડીલોને હાજર રાખવા, નકામી દોરી ગુંચળા નો નીકાલ કરવો,વાહન ચલાવતી વખતે ગળાના ભાગે મફલર બાંધવુ,બાળકો એ ખાસ કપાપેલા પતંગની પાછળ દોડવુ નહી જેવી અનેક સુચને અને માહીતી આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ પણ રાણપુર ફોરેસ્ટ ના આર.એફ.ઓ. એમ એમ ભરવાડ ને આ સુચના નુ પાલન કરવાની ખાત્રી આપી હતી.

રાણપુર આર.એફ.ઓ.દ્વારા સ્કુલના વિદ્યાર્થીઓને પતંગ પર્વ નિમિત્તે જરૂરી સુચના અપાઈ

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને

નંદકુંવરબા મહિલા કોલેજ ભાવનગરનો ૧૦મો વાર્ષિક દિન વરતેજ ગામે રંગોલી રીસોર્ટ ખાતે ઉજવાયો

ભાવનગર; શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને નંદકુંવરબા મહિલા કોલેજ ભાવનગરનો ૧૦મો વાર્ષિક દિન વરતેજ ગામે રંગોલી રીસોર્ટ ખાતે ઉજવાયો હતો,કોલેજમા અભ્યાસ કરતી વિવિધ ફેકલ્ટીમાં નોંધપાત્ર દેખાવ કરી કોલેજનું નામ રોશન કરનાર દિકરીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર તથા શિલ્ડ આપી સન્માનિત કરાઈ હતી.

આ પ્રસંગે માન. મંત્રી એ જણાવ્યુ હતું કે શિક્ષણની સાથે સંસ્કાર આપતી આ સંસ્થા વર્ષ ૨૦૦૯ માં ૮૯ દિકરીઓને ભણાવતી હતી આજે વર્ષ ૨૦૧૯ માં આ સંસ્થામાં ૦૪ હજાર દિકરીઓ અભ્યાસ કરી રહી છે તે દર્શાવે છે કે અહી ભણતરની સાથે તેનો સર્વાંગી વિકાસ પણ થાય છે. સમાજમાં વ્યકિતના ઘડતરનું કામ શૈક્ષણિક સંસ્થાનું છે અને તે કામ અહી સુંદર રીતે થઈ રહ્યુ છે. મોડેસ્ટના મેહુલભાઈ પટેલે જણાવ્યુ કે સંસ્થાની પ્રવૃત્તિ ગામડા તથા શહેરની દિકરીઓનો સર્વાંગી વિકાસ કરે છે. લીલાગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના કોમલકાંત શર્માએ જણાવ્યુ કે સંસ્થા શિક્ષણરૂપી યજ્ઞ કરી રહી છે માટે લોકોએ ભાવનગર માટે પોઝીટીવ વિચારી પોઝીટીવ વાતો કરવી જોઈએ.

પશુપાલન સુધારણાથી જ દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ શકે છે

સાબરમતી ગૌશાળા દ્વારા લોકભારતી સણોસરા ખાતે પશુપાલન શિબિર



ભાવનગર : સાબરમતી ગૌશાળા અમદાવાદ દ્વારા લોકભારતી સણોસરા ખાતે યોજાયેલ પશુપાલન શિબિરમાં તજજ્ઞોએ જણાવ્યુ કે પશુપાલન સુધારણાથી જ દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ શકે છે.

ભાવનગર અને બોટાદ જિલ્લાના પશુપાલક ખેડૂત ભાઈ - બહેનો માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે આજે શુક્રવારે સાબરમતી ગૌશાળા - અમદાવાદ દ્વારા ગીર - જાફરાબાદ ઓલાદ સુધારણા તથા ઉત્પાદન વૃદ્ધિ સંદર્ભે પશુપાલન શિબિર યોજાયેલ હતી.

આ શિબિરમાં દિપક ગોરના સંકલન સાથે શિબિરાર્થીઓને તજજ્ઞોએ ભારપૂર્વક જણાવ્યું કે, પશુપાલન સુધારણાથી જ દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ શકે છે.

અહીં ગીર ગાય સંદર્ભે ત્રિવેદી (એનડીડીબી) દ્વારા વિગતો આપી હતી. પશુઓની દૂધ બનવાની પ્રક્રિયા સંદર્ભે પટેલે જણાવ્યું હતું અને તે માટે વપરાતા રસાયણની આડ અસર અંગે ચેતવ્યા હતા. સાબર ડેરીના સમીર પટેલ પશુઓના ખોરાકની સમતુલા સમજવા ભાર મૂક્યો હતો. જૂનાગઢ કૃષિ કેન્દ્રના ટાંકે ગીર ગે અને સંસ્થાની પ્રવૃત્તિ અંગે જાણ કરી. લલિત બારોટે પશુના વેતર ચિન્હોની સમજ સાથે કૃત્રિમ બીજદાન પર ભાર મૂક્યો. અમિતભાઈ કથીરિયાએ સહકારી સંઘો કચેરીઓ અંગે ઉલ્લેખ કર્યો. સંયુક્ત પશુપાલન નિયામક પંચાલે સમાપન ટિપ્પણી કરી હતી. આભારવિધિ દશરથ ઠાકોરે કરી હતી.

શિબિરમાં સક્સેના, અમરીશ પટેલ, અરુણભાઈ દવે, ગોહિલ સહિત અધિકારી, પશુચિકિત્સકો ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

એ જ્યાં ભણ્યા એ શાળાના પ્રાંગણમાં એમની પ્રતિમા સ્થાપિત કરાઈ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષએ યુનિવર્સિટી એક્સપરીમેન્ટલ સ્કુલના કેમ્પસમાં સરદાર પ્રતિમાનું કર્યું અનાવરણ



વડોદરા : ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ યુગપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે જ્યાં થોડોક સમય શિક્ષણ લીધું હતુ એવી મહાન સયાજીરાવ મહારાજ સ્થાપિત યુનિવર્સિટી એક્સપરીમેન્ટલ સ્કુલ (તત્કાલિન બરોડા સ્કુલ) ના પ્રાંગણમાં સરદાર પ્રતિમાનું, વિશ્વવિદ્યાલયના કુલમાતા અને રાજમાતા શુભાંગિનીદેવી ગાયકવાડની ઉપસ્થિતિમાં અનાવરણ કર્યુ હતુ. આ સરદાર પ્રતિમા રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે એ ઉલ્લેખનીય છે.

સરદાર સાહેબની ગુણવંદના કરતા વિધાનસભા અધ્યક્ષએ જણાવ્યું કે, બિસ્માર્કે કત્લેઆમ આદરીને ૨૮ રાજયો જોડ્યા અને જર્મની બનાવ્યું. સરદાર સાહેબ ચાણક્ય નીતિ, આંખની કડકાઈ અને સમજદારીનો સમન્વય કરીને પદ્ધર રજવાડાઓને લોહીનું ટીપું વહાવડાવ્યા વગર એકસૂત્રે પરોવ્યા અને અખંડ ભારતનું સર્જન કર્યું. ખરેખર સરદાર સાહેબને ભારતના બિસ્માર્ક તરીકે નહીં પણ બિસ્માર્કને જર્મનીના સરદાર કહેવામાં વધુ ઔચિત્ય જણાય છે. તેમણે મહાન સોમનાથ શિવાલયના જીર્ણોદ્ધાર સહિતના સરદાર સાહેબના યુગ કાર્યોને આદર અંજલી આપી હતી. તેમણે સયાજીરાવ મહારાજ અને સરદાર સાહેબને વિશ્વમાં બેજોડ રાષ્ટ્રપુરુષ ગણાયા હતા અને વિધાનસભા અધ્યક્ષએ જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીએ વિશ્વની સહુથી વિરાટ પ્રતિમા છે જેને લીધે કેવડિયાની નામના વિશ્વમાં પ્રસરી છે અને પ્રવાસન તીર્થ તરીકે આ જગ્યા જાણીતી બની છે. તેમણે શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને સરદાર અને સયાજી વારસો અનુસરવાની પ્રેરણા મળે એવા આયોજનો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે સરદાર સાહેબના મૂલ્યો અપનાવી દેશને એક અને અખંડિત રાખવા અનુરોધ કર્યો હતો. રાજમાતા અને કુલમાતા શુભાંગિનીદેવીએ જણાવ્યું કે, મહાન સયાજીરાવે સર્જેલી શિક્ષણ સંસ્થાઓમાં સરદાર સાહેબ સહિતની વિશ્વવિભૂતિઓએ શિક્ષણ મેળવ્યું એ વડોદરા માટે ગૌરવની વાત છે. આ પ્રસંગે કુલપતિ પ્રા. પરિમલ વ્યાસ, ફેકલ્ટી ઓફ સાયન્સ-એજ્યુકેશનના ડીનઓ, દિનેશ યાદવ સહિત સેનેટ-સિન્ડીકેટ સદસ્યો, ડૉ. અજીત કોઠારી, વિશ્વજીત પારેખ સહિત પૂર્વ વિદ્યાર્થીઓ, શાળા આચાર્ય, વિદ્યાર્થી સંઘના પદાધિકારીઓ અને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતુ. બાદમાં, સાયન્સ ફેકલ્ટી-ઝુઓલોજી વિભાગ દ્વારા ગૌરવવંતા પૂર્વ વિદ્યાર્થી તરીકે વિધાનસભા અધ્યક્ષનું બહુમાન કર્યુ હતુ. તેમણે વિશ્વવિદ્યાલયની સાયન્સ અને લો ફેકલ્ટી સાથે સંકળાયેલી યાદોને વાગોળી હતી

વાલિયાના દોડવાડાની સીમમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

વાલિયા તાલુકાના દોડવાડા ગામ રહેતા મોહનભાઈ ચિમનભાઈ પટેલનું ગામની સીમમાં ખેતર આવેલું છે જ્યાં છેલ્લા ચાર-પાચ દિવસ પહેલા કોઈ અજાણ્યો યુવાનનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો જેઓએ આ અંગે વાલિયા પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી બનાવ અંગે અકસ્માત મોત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે પ્રાથમિક તપાસમાં અજાણ્યા યુવાનનું બીમારીને પગલે મોત નીપજ્યું હોવાનું માલુમ પડ્યું હતું પોલીસે તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

દિવ્યાંગ અને મૂકબધીર શિક્ષણનું કામ દેશ ચલાવવા કરતાં પણ અઘરૂ કામ છે : વિધાનસભા અધ્યક્ષ

અક્ષર ટ્રસ્ટ આયોજિત દિવ્યાંગ રમતોત્સવનો પ્રારંભ કરાવ્યો

વડોદરા : ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વિકલાંગ કલ્યાણ સંસ્થા અક્ષર ટ્રસ્ટ દ્વારા ઈ.એમ.ઈ. કેમ્પસના યુજીન સ્ટેડિયમ ખાતે આયોજિત મૂકબધીર અને દિવ્યાંગ રમતોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે મૂકબધીર શિક્ષણ અને દિવ્યાંગોના પુર્નસ્થાપન ક્ષેત્રમાં સંસ્થાની સંકલ્પબદ્ધ કામગીરી અને નિષ્ઠાને વખાણી હતી તથા નિશા ગ્રોવર અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા.



દિવ્યાંગો-મુકબધીરોના મનોભાવ સમજવાની ખૂબ જ અગત્યતા છે એવી લાગણી વ્યક્ત કરતાં વિધાનસભા અધ્યક્ષે જણાવ્યું કે, દિવ્યાંગ અને મૂકબધીર શિક્ષણનું કામ દેશને ચલાવવા કરતાં પણ અઘરૂ કામ છે. આવા બાળકોની વિશિષ્ઠ મુશ્કેલીઓ હોય છે જે સંવેદનશીલતા દાખવીને સમજવી પડે છે અને તેમની લાગણીને ઠેસ ન પહોંચે એ રીતે ઉકેલવી પડે છે.

અગાઉ વિકલાંગ શબ્દ પ્રચલિત હતો પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેની જગ્યાએ દિવ્યાંગ જેવો સંવેદનાસભર શબ્દ આપ્યો એવી જાણકારી આપતાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ દિવ્યાંગ કલ્યાણ માટે અનેરી જોગવાઈઓ કરી છે અને અભિનય યોજનાઓ અમલમાં મૂકી છે. તેમણે ગુજરાતના યુવાનોને વિકલાંગતાની મનોવૃત્તિમાંથી બહાર લાવવા અને તંદુરસ્ત યુવાધનની ખાતરી આપવા ખેલ મહાકુંભ શરૂ કરાવ્યો જેના પગલે ગુજરાતના યુવાનોમાં નવી ચેતના જાગી છે, આત્મવિશ્વાસ કેળવાયો છે અને ગુજરાતના રમતવીરો ચંદ્રકો જીતી રહ્યા છે. વિધાનસભા અધ્યક્ષએ ગાયકવાડી શાસનના ઉજળા ખેલ અને વ્યાયામ વારસાની જાણકારી આપી હતી અને દિવ્યાંગ રમતવીરોને શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાના શ્રીમતી નિશા ગ્રોવર, રાજેશ પરીખ, હેમાબહેન સહિત પદાધિકારીઓ, વાલીઓ અને શુભેચ્છકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.











તંત્રી સ્થાનેથી...

દિલ્હીમાં પ્રદુષણ વધ્યુ

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પ્રદુષણના કારણે લોકો પરેશાન થયેલા છે.જુદી જુદી સંસ્થાઓના તારણ સપાટી પર આવ્યા બાદ લોકોની પરેશાની સતત વધી રહી છે. દિલ્હીમાં પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે સરકારની સાથે સાથે તમામની સામે મોટો પડકાર આવી ગયો છે. વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ લઇ શકાયો નથી. દિલ્હીમાં પ્રદુષણ હવે વિશ્વવ્યાપી ચિતાના મુખ્ય વિષય તરીકે છે. ન્યુયોર્ક સ્થિત કોલંબિયા યુનિવર્સિટીના અર્થ સંસ્થાના પ્રમુખ જેફ્રી સૈક્સે હાલમાં કહ્યુ છે કે ખુબ ચિંતાજનક સ્તર પર પહોંચી ગયેલા પ્રદુષણના કારણે દિલ્હી રહેવાલાયક શહેર હવે નથી. તેમની આ જાહેરાતના કારણે દિલ્હીમાં રહેતા અને નોકરી કરતા લોકોની ચિંતામાં વધારો થયો છે. દિલ્હીમાં પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે છેલ્લા કેટલાક વર્ષોથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં પ્રદુષણના સ્તરમાં ઘટાડો થઇ રહ્યો નથી. દિલ્હીમાં આયોજિત વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટમાં તેઓએ પ્રદુષિત હવા અને ગ્રીન હાઉસ ગૈસના ઉત્સર્જન માટે સરકારની નીતિઓને જવાબદાર ઠેરવી હતી. તેમણે કહ્યુ હતુ કે પ્રદુષણ પર કઠોર પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પ્રદુષણને લઇને સખત પગલા ન લેવા માટે ગરીબોને બહાના તરીકે રજૂ કરી શકાય નહી. સૈક્સે ઇલેક્ટ્રોનિક વાહનોની જરૂરીયાતને મહત્વપૂર્ણ ગણાવી છે. ઇલેક્ટ્રિક વાહનોના કારણે પ્રદુષણમાં ઘટાડો થઇ શકે છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં દિલ્હીની હવામાં પીએમ ૨.૫નુ પ્રમાણ ૩૨૦.૯ માઇક્રોગ્રામ નોંધાતા ચિંતા વધી ગઇ હતી. આવી જ રીતે પીએમ ૧૦નુ પ્રમાણ ૪૯૬ માઇક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાઇ ગયુ હતુ. જે ઇમરજન્સી બરોબર છે. કેટલાક તબીબો તો કહી રહ્યા છે કે જો આ જ સ્થિતી રહેશે તો જન્મ લેનાર બાળકોના દિમાગને પુર્ણ વિકસિત કરી શકાશે નહી. જો કે પ્રદુષણની સમસ્યાને ઉકેલી લેવા માટે સરકારના સ્તર પર પણ જોરદાર દુવિધા છે. એકબાજુ તે સ્વચ્છ પર્યાવરણને લઇને પોતાની કટિબદ્ધતા દર્શાવી રહી છે. બીજી બાજુ ઓટોમોબાઇલ સેક્ટર અને અન્ય પ્રદુષણકારી સંગઠન અને ઉદ્યોગોની સામે કઠોર વલણ અપનાવી રહી નથી. તેમની સામે કોઇ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતને લઇને વધારે પગલા લેવામાં આવી રહ્યા નથી. ગયા વર્ષે સરકારે જાહેરાત કરી હતી કે ૨૦૩૦ સુધીમાં દેશમાં બનનાર તમામ કાર પૂર્ણ રીતે બેટરીથી ચાલશે. નાગપુરમાં હાલમાં શરૂ થયેલા એક ચાર્જિંગ સેન્ટરને આ દિશામાં ઐતિહાસિક ગણવામાં આવે છે. જો કે આના લક્ષ્યને વધારીને ૨૦૩૨ કરવામાં આવ્યા બાદ સરકારના વલણમાં પણ ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. હાલમાં પર્યાવરણ પ્રધાન નિતિન ગડકરી અને નીતિ આયોગના સીઇઓ અમિતાભ કાંતે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ગાડીને બેટરી પર લાવવા માટેની હાલમાં કોઇ જરૂર નથી. રેલવેના વીજળીકરણને લઇને પણ સરકાર અપેક્ષા કરતા ધીમી ગતિથી આગળ વધી રહી છે. રેલવે પ્રધાન પિયુષ ગોયલ વીજળીકરણની તરફેણમાં છે પરંતુ વડાપ્રધાનની કચેરીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય વિવેક દેવબોય ફેરવિચારણા કરવાની વાત કરી રહ્યા છે.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી હવે રહેવાલાયક નહી હોવા માટેની દલીલ કરવામાં આવી

સોફ્ટ ડ્રિન્કસ ઘાતક બની શકે

તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અને ચેતવણીરૂપ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સોફ્ટ ડ્રિક્સ બાળકોમાં હાર્ટના રોગ માટે કારણરૂપ બની શકે છે. નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં હાર્ટ એટેક અથવા તો હાર્ટ સાથે સંબંધિત અન્ય તકલીફો ઊભી થવાનો ખતરો વધી જાય છે. સંશોધકોએ વ્યાપક અભ્યાસમાં આ મુજબના તારણો આપ્યા છે. સંશોધકોમાં ભારતીય મૂળના એક વૈજ્ઞાનિકનો પણ સમાવેશ થાય છે. આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં સોફ્ટ ડ્રિક્સ નહીં પીનાર બાળકોની સરખામણીમાં કાર્ડિયોવેસ્ક્યુલરનો ખતરો વધારે રહે છે. આમા જણાવવામાં આવ્યું છે કે સુગરને જાળવી રહેતા સોફ્ટ ડ્રિક્સનો વધુ જથ્થો લેનાર બાળકોમાં ૧૨ વર્ષની વયમાં જ કાર્ડિયોવેસ્ક્યુલર રોગના લક્ષણો દેખાઈ આવે છે. અભ્યાસના તારણોને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યુનિવર્સિટી ઓફ સિડનીમાં સેન્ટર ફોર વિઝન રિસર્ચમાં સંશોધકોએ ૨૦૦૦થી વધુ ૧૨ વર્ષથી ઉપરના વયના બાળકોને આવરી લઈને આ અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. આમા જાણવા મળ્યું કે વધુ પ્રમાણમાં અને નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં ખતરો વધારે રહે છે. અભ્યાસનું નેતૃત્વ કરનાર બામીની ગોપીનાથે કહ્યું છે કે સોફ્ટ ડ્રિક્સમાં કેટલાક એવા તત્વો હોય છે જે ખતરારૂપ બની શકે છે. કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ પણ આમા રહે છે. દિવસમાં એક અથવા વધુ ગ્લાસ સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં જોખમ વધી જાય છે.

પોલીસ સુધારાને લાગુ કરવામાં અડચણ રાજકીય મંજુરી છે....

પોલીસમાં વ્યાપક સુધારાની જરૂર



પોલીસ સુધારાની દિશામાં પહેલ પહેલા પણ થઇ ચુકી છે પરંતુ વધારે સફળતા મળી નથી : ટ્રાન્સફર-બદલી વધારે પારદર્શક-નિષ્પક્ષ બને

દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી પોલીસમાં સાર્થક સુધારાની જરૂરિયાત અનુભવાઇ રહી છે. જો કે હજુ સુધી આ દિશામાં એવા કોઇ પગલા લેવામાં આવ્યા નથી જેની નોંધ લઇ શકાય. પોલીસ સુધારાને લાગુ કરવામાં સૌથી મોટી અડચણો તો રાજકીય સ્વીકૃતિન રહેલી છે. આમાં શંકા છે કે રાજકય વ્યવસ્થા કોઇ એવા ફેરફારને માન્યતા આપશે જે તેમના પૂર્ણ નિયંત્રણવાળી વર્તમાન વ્યવસ્થામાં કોઇ પણ પ્રકારન અડચણો ઉભ ન કરે. વર્ષ ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટે પ્રકાશ સિંહની અરજી પર પોલીસ સુધારા લાગુ કરવા કેટલાક નિર્દેશ આપ્યા હતા. જેમાં કેટલાક પોલીસ અધિકારીઓના ટ્રાન્સફર અને નિમણૂંકોને નિષ્પક્ષ બનાવવાની વ્યવસ્થા સામેલ છે. આધુનિક સમયમાં પોલીસની કામગીરી મલ્ટી ટાસ્કિંગ બની ગઇ છે. જેને નિષ્ણાંત લોકો જ કરી શકે છે. ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવ્યા બાદ દિલ્હીમાં થયેલી હિંસાના સંબંધમાં સજ્જન કુમાર અને અન્યોને સજા ફટકારતી વેળા પોલીસના વલણને લઇને જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. હિંસાના પ્રાયોજનની સાથે મિલીભગત અને પોલીસ દ્વારા તેમની કાયદાકીય રીતે સંમત વાળી ભૂમિકાની અવગણના કરવા બદલ કોર્ટે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા. થોડાક મહિના પહેલા મેરઠના હાશિમપુર નરસંહારમાં સામેલ રહેલા ડઝનથી વધારે પોલીસ જવાનોને કારાવાસની સજા ફટકારી દેવામાં આવી હતી. હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અનામત આંદોલન દરમિયાન પોલીસની ભૂમિકાને લઇને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. પોલીસ સુધારા સાથે સંબંધિત પર્વ પોલીસ અધિકારી પ્રકાશ સિંહની અરજી પર સુપ્રીમ કોર્ટમાં મામલો ચાલ્યો હતો. પોલીસ સુધારાને લઇને આ વિષય પર ચર્ચા જરૂરી બની જાય છે. સ્વતંત્રતા પહેલા ભારતમાં પોલીસ , અંગ્રેજી શાસકોના ઇશારે ચાલતી હતી. અંગ્રેજી વહીવટીતંત્રની કોઇ પણ કિંમતે સુરક્ષા કરવાનુ કામ પોલીસનુ રહેતુ હતુ. પોલીસના અસ્તિત્વના આધાર તરીકે આ વ્યવસ્થા હતી. સ્વતંત્ર ભારતમાં પણ કોઇ ખાસ ફેરફાર તેમાં દેખાતા નથી. સ્વતંત્ર ભારતમાં પણ તેમાં આવી જ સ્થિતી હોવાના કારણે કેટલાક પ્રશ્નો વારંવાર ઉઠતા રહે છે. આજે અંતર એ છે કે અંગ્રેજી શાસકોની જગ્યાએ સત્તા પક્ષના રાજનેતા આવી ગયા છે. પોતાના આકાઓ પ્રત્યે સમર્પણની ભાવનાના ડીએનએ પહેલા જ પોલીસ ધરાવે છે. જેના કારણે કાનુન અમલી કરનાર એક નિષ્પક્ષ અને સ્વતંત્ર સંસ્થા તરીકે પોલીસ ક્યારેય વિકસિત થઇ શકી નથી. એવુ નથી કે પોલીસને નાગરિકો પ્રત્યે જવાબદાર બનાવવા માટે પ્રયાસ થયા નથી. પરંતુ સ્થિતીમાં વધારે સુધારા થઇ શક્યા નથી. સ્વતંત્રતાના તરત બાદ સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાંત સર ડબ્લુસી રેક્લેસને ભારત સરકારે ભારતીય કાયદા અને વ્યવસ્થાને લોકલક્ષી બનાવવા માટે અને નાગરિકો પ્રત્યે સંવેદનશીલ બનાવવા માટે આમંત્રણ આપ્યુ હતુ. ઇમરજન્સીના ગાળા દરમિયાન પોલીસની ભૂમિકાને ધ્યાનમાં લઇને પણ પ્રશ્નો ઉઠ્યા હતા. ત્યારબાદ ધર્મવીર પોલીસ કમીશનની રચના કરવામાં આવી હતી. કમીશને સાત ભાગોમાં પોતાની ભલામણો સોંપી હતી. વર્ષ ૧૯૯૬માં પ્રકાશ સિંહ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કમીશનના રિપોર્ટને અમલી કરવા માટે રજૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૦માં સરકારે મલીમથ કમિટીની રચના કરીને પણ ધ્યાન આપવા માટેના પ્રયાસ કર્યા હતા. આની રચના કરીને સરકારે અપરાધિક ન્યાય વ્યવસ્થાને મજબુત કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ સુચનો કમિટીએ ૨૦૦૨માં આપી દીધા હતા. આમાંથી કેટલાક સુચનોને અમલી પણ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટે પ્રકાશ સિંહની અરજી પર ચુકાદો આપતા પોલીસ સુધારાને અમલી કરવા માટેના આદેશ આપ્યા હતા. જેમાં પોલીસ અધિકારીઓના ટ્રાન્સફર અને નિમણૂંકોને પારદર્શક અને નિષ્પક્ષ બનાવવા માટેની બાબત સામેલ હતી. જેથી પોલીસ અધિકારી રાજકીય રાજનીતિ આકાઓના સકંજામાંથી મુક્ત રહે. આ ઉપરાંત અનુસંધાનની ગુણવત્તાને સુધારી દેવા માટે નિર્દેશ આપ્યા હતા. મોટા ભાગની રાજ્ય સરકારો આ નિર્દેશોને લાગુ કરવામાં નિષ્ફળ રહી છે. સુપ્રીમ કોર્ટે પોલીસની અલગ અલગ બે શાખા સ્થાપિત કરીને આગળ વધવા માટે પણ કહ્યુ હતુ. પોલીસ બળની સંખ્યા ઓછી હોવાના કારણે આ દિશામાં આગળ વધવાની બાબત તો મુશ્કેલરૂપ દેખાઇ રહી છે. કોઇ પણ સાર્થક સુધારા લોકલક્ષી રહે તે જરૂરી છે. સુધારાના આધાર જરૂરિયાત મુજબ રહે તે પણ જરૂરી છે. માત્ર વસ્ત્ર બદલી નાંખવા, ફાટી ગયેલા વસ્ત્રોને સિલાઇ કરવાની બાબતને સુધારા તરીકે ગણી શકાય નહીં.

યોગ્ય નીતિ અને દિશા ન હોવાના કારણે પાર્ટીની હાલત કફોડી...

આમ આદમી પાર્ટીમાં ભંગાણ જારી



દિલ્હીમાં પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવેલી પાર્ટી દિલ્હીની સાથે અન્ય રાજ્યોમાં પણ વિખવાદમાં : કેજરીવાલે વિશ્વાસ ગુમાવ્યો

અરવિન્દ કેજરીવાલે જ્યારે આમ આદમી પાર્ટી બનાવી હતી ત્યારે મોટા મોટા વચનો દરરોજ આપવામાં આવી રહ્યા હતા. તેમના વચનો વચ્ચે સામાન્ય લોકોને પણ તેમનામાં એક નવી આશા દેખાઇ હતી. જેના કારણે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કરી દીધો હતો અને ઐતિહાસિક જીત મેળવી હતી. દિલ્હીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ આમ આદમી પાર્ટીએ દેશના અન્ય રાજ્યોમાં પણ તેનુ નેટવર્ક ફેલાવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં લોકો પાર્ટીમાં સામેલ થવા લાગી ગયા હતા. ગુજરાતમાં પણ આશા જગાવી હતી. જો કે ટુંકા ગાળામાં જ અરવિન્દ કેજરીવાલના પ્રહારો એકપછી એક ખોટા પુરવાર થવા લાગી ગયા હતા. કેજરીવાલને તેમના નિવેદન બદલ જુદા જુદા પક્ષોના નેતાઓની માફી માંગવી પડી હતી. કેજરીવાલની પ્રતિષ્ઠા ખરડાઇ હતી. દેશના ટોપ ઉદ્યોગપતિઓની સામે આંગળી ઉઠાવી હતી. ધીમે ધીમે કેજરીવાલની શક્તિ ખુલી પડવા લાગી ગઇ હતી. પાર્ટીની હાલત પણ ખરાબ થવા લાગી ગઇ હતી. હવે આમ આદમી પાર્ટીના લોકો કેજરીવાલમાં વિશ્વાસ ગુમાવી રહ્યા છે. અનેક વિશ્વસનીય નેતા પાર્ટી સાથે છેડો ફાડી ચુક્યા છે. દિલ્હીની સાથે સાથે અન્ય રાજ્યોમાં પણ પાર્ટીના લોકો તેમનુ સાથ છોડી રહ્યા છે. પાર્ટીની સ્થાપના કરનાર લોકો પણ કેટલાક સાથ છોડી ચુક્યા છે. હવે દિલ્હીની સાથે સાથે આમ આદમી પાર્ટીની હાલત પંજાબમાં પણ ખરાબ થઇ રહી છે. પંજાબમાં આમ આદમી પાર્ટીના નેતા ફુલ્કા અને સુખપાલ સિંહ પાર્ટી સાથે છેડો ફાડી ચુક્યા છે. પાર્ટી હવે ખરાબ હાલતમાં આવી ગઇ છે. પંજાબમાં વિધાનસભાની ચૂંટણી બાદ પાર્ટીમાં સતત બળવાની સ્થિતી રહેલી છે. એક સમય પંજાબને વિકલ્પ આપવાની વાત કરનાર આમ આદમી પાર્ટી હવે અસ્તિત્વની લડાઇ લડી રહી છે. પાર્ટીએ તેના પ્રથમ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય વિરોધ પક્ષ બનીને ચર્ચા જગાવી હતી. પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીએ તમામ તાકાત લગાવી હતી. ચૂંટણીથી થોડાક સમય પહેલા પાર્ટીના રાજય સંયોજક સુચ્ચા સિંહ છોટેપુરને અધ્યક્ષ પદેથી દુર કરવામાં આવ્યા હતા. તેમના પર પાર્ટી ફંડના નામે પૈસા માંગવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. એ વખતે પાર્ટી નેતાએ દિલ્હીના નેતાઓ પર આરોપ કર્યા હતા. ચૂંટણી પહેલા પાર્ટીમાં વધારે ઉથલપાથલ દેખાઇ ન હતી. જો કે પરિણામ આવ્યા બાદ પાર્ટીમાં ભૂકંપની સ્થિતી સર્જાઇ ગઇ હતી. એવા આક્ષેપની શરૂઆત થઇ કે કેજરીવાલ દિલ્હીમાંથી રિમોટ કન્ટ્રોલ મારફતે પંજાબને ચલાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ત્યારબાદ પાર્ટી ગઠબંધનની ફરીથી રચના કરવામાં આવી હતી. સંજય સિંહની જગ્યાએ ત્યારબાદ મનીષ સિસોદિયાને જવાબદારી સોંપવામાં આવી હતી. ભગવત માનને ત્યારબાદ સંયોજક બનાવી દેવામા આવ્યા હતા. નવો હોદ્દેદારો પણ બનાવી દેવામા આવ્યા હતા. વર્ષ ૨૦૧૭ બાદ પંજાબ ચૂંટણી પછી દિલ્હીના આપ નેતાઓની પંજાબમાં દરમિયાનગીરી નહીંવત બની ગઇ હતી. જેના કારણે જુથવાદની સ્થિતી વધુને વધુ ખરાબ થઇ રહી હતી. પાર્ટી પંજાબમાં મુખ્ય વિપક્ષી દળ હોવા છતાં તેની સ્થિતી કોઇ પણ રીતે અસરકારક બની શકી નથી. અરવિન્દ કેજરીવાલ દ્વારા માનહાનિના કેસમાં અકાળી નેતા વિક્રમ સિંહ મજીઠિયાની માફી માંગી લેવામાં આવ્યા બાદ પંજાબના નેતાઓએ ફરી એકવાર પ્રશ્નો ઉઠાવવાની શરૂઆત કરી દીધી હતી. તાજેતરમાં જ પાર્ટી છોડનાર સુખપાલ સિંહ ખૈરાને વિધાનસભા પક્ષના નેતા પદથી દુર કરી દેવામાં આવ્યા હતા. ખૈરા પર પાર્ટી વિરોધી ગતિવિધી ચલાવવાનો આરોપ મુકવામાં આવ્યો છે. પંજાબમાં જુથવાદની ગતિવિધીના કારણે પાર્ટીની હાલત કફોડી બનેલી છે. લોકસભાની ચૂંટણી આડે વધારે સમય નથી ત્યારે આમ આદમી પાર્ટીની હાલત કફોડી બનેલી છે. તે કોઇ પડકાર લોકસભાની ચૂંટણીમાં ઉભા કરી શકે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. પાર્ટી માટે નવા ઉથલપાથલને રોકવા માટેની બાબત એટલી મુશ્કેલરૂપ દેખાઇ રહી નથી. કેજરીવાલને દેશના લોકો એક દિગ્ગજ નેતા તરીકે ગણને છે. લોકોની ઇચ્છાશક્તિને પણ તેઓ સમજે છે. જો કે તેમના કેટલાક પગલાના કારણે તેમની હાલત કફોડી બની છે. હવે વિશ્વાસ પુન હાંસલ કરવામાં તકલીફ પડી શકે છે.

સિક્યુરિટી ચોર ટોળકી દ્વારા કરાયેલી ચોરીની

તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવાની માંગણી સાથે રાધાકૃષ્ણ માર્કેટમાં સજ્જડ હડતાળ



રિંગરોડ ખાતે આવેલી રાધાકૃષ્ણ ટેક્સટાઈલ્સ માર્કેટ (આરકેટી)માં ચોકીદારી કરતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા કરોડો રૂપિયાના માલની ચોરી કરવાનો મામલો ઉઘાડો પડતા રોષે ભરાયેલા વેપારીઓએ આજે ત્રીજા દિવસે પણ વિવિધ માંગણી અંગે હડતાલ યોજી હતી અને માર્કેટના પટ્ટાંગણમાં એકત્ર થયેલા વેપારીઓએ વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું.

કરોડો રૂપિયાનો માલ ચોરનાર ચોર ગેંગના મુખ્ય આરોપીની તત્કાળ ધરપકડ કરવા માર્કેટના વેપારીઓની માંગ

સુરત

રાધાકૃષ્ણ ટેક્ટાઈલ માર્કેટની દુકાનોમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા જ ડુપ્લીકેટ ચાવીથી રવિવારે રજાના દિવસે દુકાનોના શટર ખોલી સાડી તેમજ ડ્રેસ મટીરિયલ અને પાર્સલોની ચોરી કરવામાં આવતી હોવાનો ખુલાસો થતા વેપારીઓ દ્વારા આજે ત્રીજા દિવસે પણ માર્કેટ બંધ રાખી ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ કરવાની અને મુખ્ય આરોપીને ઝડપી પાડવાની માંગ સાથે પ્રદર્શન કરી રહ્યા છે.

આરકેટી ખાતેથી મળતી માહિતી મુજબ આજે સવારે વેપારીઓ અને કામદારો રાબેતા મુજબ માર્કેટ પર આવ્યા હતા. માર્કેટમાં અગાઉથી જ ચાંપતો બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. વેપારીઓ દ્વારા આ સમગ્ર ચોરી પ્રકરણની તટસ્થ તપાસની માંગ સાથે આજે ત્રીજા દિવસે પણ માર્કેટની તમામ ૪૦૦૦ જેટલી દુકાનો સજ્જડ પણે બંધ રાખીને વિરોધ નોંધાવ્યો હતો. કરોડો રૂપિયાની ચોરી પ્રકરણમાં ચોરીની ફરિયાદ થવી જોઈએ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ થવી જોઈએ. સ્થાનિક સલાબતપુરા પોલીસ મથકનો સ્ટાફ માર્કેટના સિક્યુરિટી સાથે મેળાપીપણું ધરાવે છે. તેથી આ સમગ્ર પ્રકરણની તપાસ ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ દ્વારા થવી જોઈએ જે વેપારીઓ ફરિયાદ નોંધવા માંગે તે તમામની ફરિયાદ લેવી જોઈએ. સલાબતપુરા પોલીસ તમામ વેપારીઓ વતી ફરિયાદ નોંધવાની વાત કરે છે તે વેપારીઓને માન્ય નથી.

માર્કેટના સિક્યુરિટી ગાર્ડ દ્વારા જ દુકાનોમાંથી કરોડો રપિયાના માલ સામાન, સાડી, ડ્રેસ, મટેરિયલ અને પાર્સલોની ચોરીમાં મુખ્ય માથાઓ મુખ્ય સાગરીતોની પણ ધરપકડ થવી જોઈએ. નાના સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરીને મોટા માથાઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. માર્કેટમાંથી ચોરીનો માલ ખરીદનારાની પણ ધરપકડ થાય તો આ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થશે. એટલે આજે પણ વેપારીઓ શાંતિપૂર્વક આરકેટી સામે બેસી વિરોધ પ્રદર્શન ધરણા કરી પોલીસ સમક્ષ પોતાની ફરિયાદો નોંધાવી રહ્યા છે.

ઉતરાયણ પૂર્વે પતંગ-દોરી બજારમાં ઘરાકી વધતા વેપારીઓ હરખાયા

સુરત

સુરતમાં સામાન્ય રીતે ડિસેમ્બર માસની શરૂઆતમા જ ઉતરાયણની ઘરાકી જામી જતી હોય છે પરંતુ આ વખતે બે દિવસ પહેલાં સુધી કોઈ ખાસ ઘરાકી ન હોવાથી વેપારીઓ ચિંતામાં પડયા હતા. જોકે, સુરતના પતંગ-દોરી બજારમાં ઘરાકી નિકળતાં વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. હવેના બે દિવસ ઘરાકી વધી જશે તેવી શક્યતા જોતાં વેપારીઓ હરખાયા છે.

ઉતરાયણના તહેવારની ઉજવણી માટે સુરતીઓનો ક્રેઝ વિશ્વ ભરમાં પ્રખ્યાત છે. જેના કારણે જથ્થાબંધ વેપારીઓને ત્યાં લાભ પાચમ બાદ સુરત બહારની ઘરાકી થઈ જાય છે. જ્યારે સુરતીઓ ડિસેમ્બર માસની શરૂઆત સાથે જ દોરીની ખરીદી કે દોરી ઘસાવવાનું કામ કરી દેતાં હોય છે. જોકે, આ વખતે ડિસમ્બર માસમાં ઓછી ઘરાકી હતી આટલું જ નહીં પરંતુ બુધવાર સુધી પતંગ દોરી બજારમાં કોઈ ખાસ ઘરાકી ન હોવાથી મોટો સ્ટોક કરી દેતાં વેપારીઓની ચિંતામાં વધારો થયો હતો.

ગુરૂવાર બપોર બાદ સુરતના પતંગ અને દોરી બજારમાં ઘરાકી નિકળતાં વેપારીઓની ચિંતા ઓછી થઈ ગઈ છે. વેપારીઓના અંદાજ મુજબ આ વર્ષે પતંગ દોરીની ઘરાકી ઘણી જ મોડી થઈ છે પરંતુ હવે શનિ રવિના દિવસોમાં આ ઘરાકી વધી જશે તે નક્કી છે. પહેલાં તો ઘરાકી ઘણી ઓછી હોવાથી સ્ટોક પડયો રહેશે તેવી ભીતી હતી પરંતુ હવે જે રીતે ઘરાકી થઈ રહી છે તે જોતાં આ વખતની ઉતરાયણ પણ સારી જાય તેવી શક્યતા છે.

ઓર્ડરથી પ્રિન્ટીંગ કામ કરાવી જાપાન માર્કેટના વેપારીઓ છૂ

છેતરપિંડી કરી વેપારીઓએ દુકાનને પણ તાળા મારી દીધા

સુરત

ઓર્ડર મુજબ પ્રિન્ટીંગ કામ કરાવી દિલ્હીગેટ સ્થિત જાપાન માર્કેટના ત્રણ વેપારી આશાપુરા મોડલિંગ બંધ કરી નાસી ગયા હતા.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા રાજહંસ ટાવરમાં રહેતાં વેપારી વિપુલ રમણભાઈ લાખાણીએ આરોપી શ્યામ શક્તિસિંગ ચૌહાણ, જીતુ શક્તિસિંહ દશરથ શક્તિસિંગ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીની પ્રિન્ટીંગમાં કામ કરાવ્યું હતું. જેનું બાકી પેમેન્ટ રૂા.૩,૬૨,૭૭૬નું નહીં ચૂકવી આરોપીઓએ આશાપુરા મોડલિંગની દુકાનને તાળુ મારી રાજસ્થાન ભાગી ગયા હતા. મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પાંડેસરામાં નેશનલ ઈન્ડિયા કંપનીના ગોડાઉનમાંથી ચોરી

ગોડાઉનમાંથી રોકડા રૂ.૨.૫૯ લાખ ચોરાયા

સુરત

પાંડેસરા ખાતે આવેલા દક્ષેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ નેશનલ ઈન્ડિયા પ્રાઈવેટ કંપની લિમિટેડના ગોડાઉનમાંથી રોકડા રૂા.૨,૫૯,૭૦૦ની ચોરી થઈ હતી.સુરત શહેરના ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાંડેસરા ખાતે દક્ષેશ્વર મહાદેવ મંદિર પાસે રોશની કોર્પોરેશન નેશનલ ઈન્ડિયા પ્રાઈવેટ કંપની લિમિટેડની ગોડાઉનનું શટર ઉંચુ કરી અજાણ્યા તસકરો ગોડાઉનમાં પ્રવેશી ગયા હતા અને ધંધાના રોકડા રૂા.૨,૫૯,૭૯૦ની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે વિનોદ ખોડાભાઈ પટેલે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ઉધના પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે.

ચોરી કરી હોવાની શંકા રાખી યુવકને ફટકારાયો

સુરત

કતાગામ- ઉત્કલનગર તરફ જવાના રસ્તા પર ચોરી કરી હોવાનો વહેમ રાખી એક યુવકને લાકડાના ફટકા વડે માર મરાયો હોવાનો બનાવ કતારગામ પોલીસ મથકમાં ત્રણ આરોપીઓ સામે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ ઓરિસ્સા ગંજામ જિલ્લામાં વતની અને હાલમાં ઉધના ચીકુવાડી સોનલ ઈન્ડસ્ટ્રીઝ ખાતે રહેતો ડગર હજારી ખલીયા પ્રધાન છૂટક નોકરી કરે છે. ગત રોજ તે કતારગામ ઉત્કલનગર પાસેથી પસાર થતો હતો. ત્યારે જીતુ શાહ, અનિલ પ્રધાન અનેઅ શોક શાહુ નામના ત્રણ આરોપીઓએ રૂા. દસ હજારની ચોરી કરી હોવાનો વહેમ રાખી-અદાવત રાખી લાકડાના ફટકા વડે ડગરી હજારી પ્રધાન પર હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મારા-મારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હોમો સેક્યુઅલ ડોક્ટરને બ્લેકમેઈલ કરતા યુવકની ધરપકડ

સુરત

સુરતના વેડરોડના હોમો સેક્યુઅલ ડોક્ટરને મળવાના બહાને બોલાવી મુખમૈથુન કરાવી ઠગ ટોળકીએ મોબાઈલમાં શૂટિંગ ઉતારીને બ્લેકમેઈલ કરી પાંચ લાખની ખંડની માંગવાની ઘટના બની હતી. આ અંગે ડોક્ટરની ફરિયાદના આધારે ચોકબજાર પોલીસે ઠંગ ટોળકી પૈકી એક સાગરીતની ધરપકડ કરી છે.

મળતી માહિતી પ્રમાણે વેડરોડ ખાતે રહેતા જયદિપ (નામ બદલ્યું છે) હોમિયોપેથિક ડોક્ટર છે. મૂળ ભાવનગરના વતની ૩૦ વર્ષીય જયદીપ હોમો સેક્સ્યુઅલ છે. ગત તા. ૯નીએ સવારે મોબાઈલ એપ્લિકેશન થકી રાજુ નામના યુવકે તેમણે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. જે ફ્રેન્ડ રિક્વેટ એક્સેપ્ટ કર્યા બાદ મળવાના બહાને ડોક્ટરને સિંગણપોર બોલાવ્યા હતા.

આ અશ્લિલ વીડિયો થકી ટોળકીએ બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું. પિતા-પત્ની સહિતના પરિવારજનોના મોબાઈલ નંબર લઈ તેઓને આ વીડિયો મોકલવાની ધણકી આપી ડોક્ટરને લાફો મારી લોખંડના પાઈપથી ફટકાર્યો હતો. ત્યારબાદ સમાધાન પેટે પાંચ લાખ રૂપિયા માંગ્યા હતા. ડોક્ટર પાસે આટલી મોટી રકમ પોતાની પાસે ન હોવાનું જણાવતા તેઓએ દમદાટી આપી સાંજ સુધીમાં ૬૦ હજાર આપવાની વાત કરી ડોક્ટરને છોડી દીધો હતો.

ડોક્ટરે મિત્ર થકી ચોકબજાર પોલીસનો સંપર્ક કર્યોહ તો. જેથી પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે નાણાં આપવાના બહાને છટકું ગોઠવી ઠગ ટોળકીના સાગરિત કિરિટ હરિસંગ મોરી જે ૨૬ વર્ષનો છે અને ત્રિવેણી સોસાયટી સિંગણપોર- મૂળ ધંધુકા, અમદાવાદનો રહેવાસી છે. પોલીસે કિરિટની ધરપકડ કરીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

નારાયણ સાઈ બળાત્કાર કેસનો ચૂકાદો તા. ૨૩મી આવવાની શક્યતા

અદાલતમાં બચાવ પક્ષ અને સરકાર પક્ષની અંતિમ દલીલો પૂરી

સુરત

શહેરની પીડિતા સાથે બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં સરકાર અને બચાવ પક્ષના એડવોકેટોની અંતિમ દલીલો પૂરી થતા ૨૩મી જાન્યુઆરીના રોજ અદાલત ચૂકાદો સંભળાવે તેવી શક્યતાઓ હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ અને વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની ટૂંક વિગતો એવી છે કે, ગત તા. ૬ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ જહાંગીરપુરા પોલીસ મથકમાં શહેરની બે પીડિતાઓએ આશારામબાપુ અને તેમના પુત્ર નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. બળાત્કારનો ગુનો અમદાવાદ-ચાંદખેડા પોલીસ મથકની હદમાં બન્યો હતો. એટલે આ બળાત્કારની ફરિયાદ ઝીરો નંબરથી અમદાવાદ મોકલી દેવાઈ હતી. જ્યારે નારાયણ સાંઈ દ્વારા કરવામાં આવેલો બળાત્કારનો ગુનો જહાંગીરપુરા આશ્રમ ખાતે બન્યો હોવાના કારણે આ ફરિયાદ જહાંગીરપુરા પોલીસ મથકમાં નોંધાઈ હતી તત્કાલિન એસીપી મુનશીએ કુરૂક્ષેત્ર હરિયાણા ખાતેથી નારાયણ સાંઈની ધરપકડ કરી હતી. લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. નારાયણ સાંઈ છેલ્લા ૫ વર્ષથી લાજપોર જેલમાં નારાયણ સાઈની ધરપકડ ૬ ઠ્ઠી ડિસેમ્બર-૨૦૧૩ના રોજ કરવામાં આવી હતી. નારાયણ સાઈ સામે પોલીસે ચાર્જશીટ રજૂ કર્યા બદ તેની સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ ગુનામાં પુરાવાઓ, પંચનામા, એફએસએલ તેમજ સિવિલના ડોક્ટરો, પીડિતા, સાહેદોની સર અને ઉલટ તપાસ લેવામાંઆવ્યા બાદ બચાવ પક્ષના એડવોકેટના અંતિમ દલીલોના તબક્કો શરૂ થયો હતો. જે પૂર્ણ થતા નારાયણ સાંઈ બળાત્કાર કેસનો અંતિમ ચુકાદો ૨૩મી જાન્યુઆરીના રોજ આવવાની શક્યતાઓ રહેલી છે.

પારૂલ કોલેજમાં ભણતા ઝિમ્બાબ્વેના યુવક અને યુવતીની કારમાંથી દારૂ ઝડપાયો

પારડી હાઈવે પર પોલીસ તપાસ કરતા કારમાંથી દારૂની ૧૪૬ બોટલો મળી

સુરત

વલસાડ જિલ્લાના પારડી હાઈવે પરથી ઝિમ્બાબ્વેના યુવક અને યુવતી કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાતાં ચકચાર મચી ગઈ હતી. બન્ને બરોડાની પારુલ કોલેજના વિધાર્થી હોવાના પુરાવા બતાવતા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. પૂછપરછ ના આધારે દારૂ ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે અંગે ઊંડાણપૂવર્ક તપાસ હાથ ધરી હતી.જોકે પૂછપરછ વખતે ભાષા ને કારણે પોલીસ ને પરસેવો પડી ગયો હતો..આથી પોલીસે એક સ્થાનિક દુભાષિયા ની મદદ થી બન્ને ની પૂછપરછ હાથ ધરી હતી.. બંને કઝીન ભાઈ બહેન હોવાનું પોલીસ ને બતાવ્યું હતું. તેઓની પાસે કોલેજના પુસ્તકો પણ મળી આવ્યા હતા.

યુવાનની પૂછપરછ કરતા યુવતી તેની કઝીન બેન હોવાનું જણાવ્યું હતું. પોલીસને શંકા જતાં પોલીસે પૂછપૂરછ કરતા કારમાંથી અંદાજે ૮૮ હજારના વિદેશી દારૂની ૧૪૬ બોટલો મળી આવી હતી. આથી પોલીસે બંનેની પૂછપરછ પોલીસે હાથ ધરી હતી. જે દરમ્યાન તેઓ આ દારૂ દમણથી લઈ આવ્યા હતા. અને બંને પાસે બરોડાની પારુલ કોલેજ ના પુરાવા રૂપે આઈ કાર્ડ મળી આવ્યા હતા. બનાવની વિગત પ્રમાણે હાઈવે પર પારડી પોલીસ પેટ્રોલિંગમાં હતી એ વખતે એક શંકાસ્પદ કાર દોડતી દેખાતા પોલીસે બગવાડા ટોલ નાકાથી કારનો પીછો કર્યો હતો. પોલીસે પારડી નજીક હાઈવે બ્લોક કરી કાર ને ઝડપી પાડી હતી. તપાસ કરતા કારમાંથી ઝિમ્બાબ્વેના એક યુવાન અને એક યુવતી મલી આવી હતી.

સુરત જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ૨ ડીગ્રી વધ્યુ : નવસારીમાં ૯, વલસાડમાં ૧૦ ડીગ્રી

ગઈકાલે સુરતમાં લઘુતમ તાપમાન ૧૫ ડીગ્રી હતુ આજે ૧૩ ડીગ્રી

સુરત

ઉત્તર ભારત અને કાશ્મીર ખીણમાં હિમવર્ષાના પગલે ઉત્તર દિશાથી ફુંકાતી શીત લહેરમાં સમગ્ર રાજયના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આજે દક્ષિણ ગુજરાતમાં ન્યુનતમ તાપમાનનો પારો ૨ ડીગ્રી સુધી ઘટી જતા ફરી ઠંડીનો ચમકારો વધી રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઉત્તર દિશાતી ફુંકાતા પવનના લીધે ઠંડીનો ચમકારો વધી શકે છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૯.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૦.૮ ડીગ્રી નોંધાયું હતું. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૦.૧ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં આ મહિનાના બીજા સપ્તાહ દરમ્યાન પણ ઠંડીનો પારો સિંગલ ડીઝીટની આજુબાજુ રહેતો હોવાથી શિયાળાની ઠંડીનો ચમકારો હવે અંતિમ તબક્કામાં છે. આગામી સપ્તાહ બાદ ઠંડીનો જોર ઘટતો જાય તેવી શક્યતા છે.

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી કરાશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા. ૧૨/૦૧/૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મક્કાઈપુલ સુરત ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૯ની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદના સૂત્રોને રજૂ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવશે. સુરત મહાનગરપાલિકા પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને નગરજનો દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

તા.૧૬મીએ વલસાડ જિલ્લા કક્ષાના ગણતંત્ર દિવસની ઉજવણીના આયોજન અંગે બેઠક મળશે

વલસાડ

વલસાડ જિલ્લા કક્ષાના ગણતંત્ર દિવસની ઉજવણીના આયોજન અંગેની બેઠક તા.૧૬/૧/૨૦૧૯ના રોજ સાંજે ૫-૩૦ વાગે વલસાડ કલેક્ટર સી.આર. ખરસાણની અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા નિવાસી અધિક કલેક્ટર વલસાડ દ્વારા જણાવાયું છે. ઉજવણીના દિવસે કરવામાં આવનાર સાંસ્કૃતિક કાર્યક્રમો, ટેબ્લોઝ તેમજ યોજનાકીય કામગીરી અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

૧૦૦ થી વધારે દેશોના ૨૭૦૦થી વધુ આંતર રાષ્ટ્રીય ડેલીગેશન ભાગ લેશે

૧૮-૨૦ જાન્યુ. દરમિયાન વાયબ્રન્ટ સમિટ યોજાશે

મોદી ૧૭મીએ ગુજરાત આવશે, 'ગ્લોબલ વેલ્થ ફંડ' સાથે રાઉન્ડ ટેબલ બેઠક, ×આફ્રિકા ડે× ઉજવાશે

ગાંધીનગર

રાજ્યમાં આગામી ૧૮ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન વાયબ્રન્ટ સમિટ યોજાશે. આ સમિટમાં ૧૨ કન્ટ્રી પાર્ટનર, ૧૦૦ થી વધારે દેશોના ૨૭૦૦ થી વધુ આંતર રાષ્ટ્રીય ડેલીગેશન ભાગ લેશે. ૨૬૦ થી વધુ બી ટુ જી અને ૩૫૫ થી વધુ બી ટુ બી મિટિંગ યોજાશે. આ સમિટમાં ભાગ લેવા પીએમ નરેન્દ્ર મોદી સહિત કેન્દ્રીય મંત્રીઓ અને અન્ય દેશોના મહાનુભાવો આવશે. આ અંગેની તડામાર તૈયારીઓ હાલ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ચાલી રહી છે.

આ મામલે રાજયના મુખ્ય સચિવ જે. એન.સિંહે જણાવ્યું હતું કે, પીએમ મોદીની 'ગ્લોબલ વેલ્થ ફંડ' સાથે રાઉન્ડ ટેબલ બેઠક યોજાશે. આ સમિટ વેળા ×આફ્રિકા ડે× પણ ઉજવણી કરવામાં આવશે.

ડેનમાર્ક, ચેક રિપબ્લિક, ઉઝબેકિસ્તાન, માલ્ટા અને રંવાડા સહિતના ૫ દેશોના વડાઓ વૈશ્વિક સમિટમાં ભાગ લેશે તેમજ ૧૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન સાથે ડીનર પણ યોજવામાં આવશે. સમિટની નવમી આવૃત્તિમાં ૧૫ દેશો ભાગીદાર દેશ તરીકે સહભાગી બનશે. જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફ્રાન્સ, જાપાન, મોરક્કો, નોર્વે, પોલેન્ડ, સાઉથ આફ્રિકા, રીપબ્લિક ઓફ કોરિયા, થાઈલેન્ડ, નેધરલેન્ડ્સ, યુએઈ અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાતના ભાવિ વિકાસ દર્શન સાથે મેઈક ઈન ઈન્ડિયા ની સાફલ્યા ગાથા બાબતે પ્રદર્શન અત્રે પ્રદર્શન પણ યોજાશે. ઉલ્લેખનીય છે કે, આ સમિટ અંતર્ગત ૨૦ કન્ટ્રી સેમિનાર અને ૭ સ્ટેટ સેમિનારનું આયોજન થશે. આ તૈયારીના ભાગરૂપે જ અમદાવાદમાં શોપિંગ ફેસ્ટિવલનું આયોજન, સાયન્સ સીટી ખાતે ભવિષ્યની ટેકનોલોજીનું પ્રદર્શન, 'નાસા'ના સહયોગથી 'સ્પેસ એક્સપલોરેશન' વિષયક પ્રદર્શન, રાજયના ૪ શહેરોમાં યુથ કનેક્ટ ઈવેન્ટ સહિતની ઈવેન્ટ્સ યોજાશે.

મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આ વખતે નવમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૯ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું શ્રેષ્ઠ કેન્દ્ર બનવા ગુજરાતે જે દોટ મુકી છે તેનો રોડ મેપ 'ગુજરાત સ્પ્રિન્ટ ટુ ૨૦૨૨' અંતર્ગત સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ થશે. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ મુખ્યપ્રધાને જે સપનું સેવ્યું છે એવા ગુજરાતના ભવિષ્યના ભૌતિક અને સામાજિક આંતરમાળખાકીય વિકાસને પ્રદર્શિત કરીને આ સમિટમાં ગુજરાતની ભાવિ ઔદ્યોગિક શ્રેષ્ઠતાને વિશ્વ સમક્ષ મૂકવાનો છે.

આ મેગા ઈન્વેસ્ટર્સ સમિટને સફળ બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરી રહ્યા છે. 'શોપિંગ ફેસ્ટિવલ'માં ૨૦ હજાર વેપારીઓ જોડાય તેવો ટાર્ગેટ છે. શોપિંગ ફેસ્ટિવલ આગામી સમયમાં બ્રાન્ડ બનશે અને આગામી સમયમાં વાયબ્રન્ટ સિવાયના સમયે શોપિંગ ફેસ્ટિવલને પ્રમોટ કરવામાં આવશે તેવું પણ મુખ્ય સચિવ સિંગે ઉમેર્યું હતું.

પીએમ નરેન્દ્ર મોદી ૧૭મી તારીખે ગુજરાત આવશે. આ દિવસે તેઓ ટ્રેડ શોનો ખુલ્લો મૂકશે, તેમજ વી.એસ. હોસ્પિટલની મુલાકાત લઈને બેઠક કરશે. ૧૮મી જાન્યુઆરીએ તેઓ ૧૦ વાગ્યે વાયબ્રન્ટ સમિટને ખુલ્લી મૂકશે. આ દિવસે તેઓ ગુજરાતમાં જ રહે તેવી શક્યતાઓ જોવામાં આવી રહી છે.

વધુ એક બાળકી પીંખાઇ... ત્રણ વર્ષની માસુમ સાથે દુષ્કર્મ થતા ખળભળાટ

સુરત

સુરતના હજીરા ખાતે ત્રણ વર્ષીય માસુમ બળકી ઉપર દુષ્કર્મ થયાની ઘટનાથી ચકચાર મચી ગઇ છે. માસુમને લોહીલુહાણ અને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. બનાવને પગલે શહેર પોલીસના ઉચ્ચ અધિકારી ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુરુવારે સાંજે હજીરા ખાતે ત્રણ વર્ષીય બાળકી ઘરના પાછળના ભાગે આવેલી ઝાડીમાંથી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. પીડિત બાળકીના ઘર પાસે રહેતા યુવાનના હાથમાં એક ૧૨-૧૩ વર્ષીય કિશોર આ બાળકીને છોડીને ભાગી ગયો હતો. કિશોરે આ યુવાનને એવી હકીકત આપી હતી કે, પોતે ઝાડી પાસેથી પસાર થઇ રહ્યો હતો તે સમયે આ બાળકીને તેને લોહીલુહાણ હાલતમાં દેખાઇ હતી. ત્યારબાદ પોતે તેણીને લઈને આવ્યો હતો.

આ બાળકી બપોરે ત્રણ વાગ્યાથી ગાયબ હોવાનું જાણવા મળે છે. પરિવારના સભ્યો તેણીની શોધખોળ કરી રહ્યાં હતા. દરમિયાનમાં સાંજે છ વાગ્યાના અરસામાં ઝાડીમાંથી મળી આવી હતી. પરપ્રાંતીય પરિવારની આ બાળકીને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયી હતી.

તબીબોએ જણાવ્યું હતું કે, બાળકી ગુમ ભાગેથી લોહી નીકળી રહ્યું હતું. જયારે તેણીના શરીર ઉપર સ્પમ મળી આવ્યું હતું. બાળખી ગંભીર હાલતમાં જોતા તેણીને તાત્કાલિક વધુ સારવાર માટે ગાયનેક વિભાગમાં રિફર કરવામાં આવી હતી. હજીરા પીઆઇ આર.આર. આહીરે જણાવ્યું હતું કે, બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી જઇ તપાસ શરૂ કરી. બનાવને પગલે ક્રાઇમ બ્રાન્ચ, પીસીબી અને એસઓજીની સાત ટીમ બનાવની તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે બાળકીને છોડીને ભાગી જનાર કિશોરની દિશામાં તપાસ હાથધરી છે.

ભાનુશાળીની હત્યા નલિયાકાંડના આરોપીને બચાવવા થઈ: તુષાર ચૌધરી

સુરત

ભાજપના રાજમાં મહિલાઓ પર અત્યાચાર વધ્યાના આક્ષેપ સાથે વ્યારામાં કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. તુષાર ચૌધરીની અધ્યક્ષતામાં નીકળેલી રેલીમાં ભાજપથી બેટી બચાવોના નારા લાગ્યાં હતાં. તુષાર ચૌધરીએ ભાજપ પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, નલિયાકાંડના આરોપીઓને બચાવવા માટે જયંતિ ભાનુશાળીની હત્યા કરવામાં આવી છે. તાપી જિલ્લાના વ્યારાનું રાજકારણ છેલ્લા એકાદ સપ્તાહથી ગરમાયું છે. ગત સોમવારે વ્યારા ખાતે ભાજપ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપે આ રેલી દ્વારા વ્યારા નગરમાં અસામાજિક તત્વોને ડામવા માટેનો અવાજ ઉઠાવ્યો હતો. જ્યારે શુક્રવારે કોંગ્રેસ દ્વારા યોજાયેલી રેલીમાં મહિલાઓ પર થતા અત્યાચારો દિનપ્રતિદિન વધી રહ્યાં હોવાના આક્ષેપ સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જોડાયેલી મહિલાઓએ ભાજપ વિરોધી નારાઓ લગાવ્યા હતાં. સાથે કટ આઉટ અને બેનર પર સુત્રો લખીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. રેલીમાં જોડાયેલા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, ભાજપના રાજમાં છીનાળાઓ વધી ગયાં છે. પોતાના પાપ છુપાવવા પોતાના જ નેતાઓની હત્યા કરવામાં આવી રહી છે. માં- બેટી ભાજપના રાજમાં સલામત નથી માટે અમારે આ રેલીનું આયોજન કરવું પડ્યું છે.

રેડક્રોસ નવસારીને શ્રેષ્ઠ પ્રવૃત્ત અંગે એક સાથે પાંચ એવોર્ડ મળ્યાં

સુરત

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્યશાખાની વાર્ષિક સામાન્યસભામાં રાજ્યપાલ અને રેડક્રોસ રાજ્યશાખાના પ્રમુખ ઓ.પી. કોહલીએ રેડક્રોસ ભવન અમદાવાદમાં રાજ્યની રેડક્રોસ શાખાના પ્રતિનિધિઓને સંબોધતા તથા વર્ષ ૨૦૧૭-૧૮ની ઉત્તમ કામગીરીના એવોર્ડ એનાયત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય રેડક્રોસની કામગીરી સમગ્ર ભારતમાં શાનદાર છે. કિર્તીમાન આંકો ૨ કર્યા છે. કેટલાક રાજ્યો માટેમોડેઢલ સમાન આપણી રાજ્ય શાખા છે. થૈસેમિયા, સિકલસેલ, રક્તદાન, નર્સિંગ, અભ્યાસક્રમ, વરિષ્ઠ નાગરિકોનું વાત્સલ્યધામ અને હોમકેર એટેડન્ટ અભ્યાસક્રમ એ એના સોપાનો છે. આ બધું સમર્પિણ કાર્યકરો સંવેદના સભર થઈને કામ કરે છે અને તેને આભારી છે. બીજાનું સુખ વધારવું એ ધર્મકાર્યમાં ગુજરાત આગળ છે. ડોક્ટરો પણ તજજ્ઞતા સાથે સંવેદના સભર બનવું જરૂરી છે. સામાન્ય સભાને તમે સોહાર્દભર્યા માહોલમાં સંપન્ન કરો છો. ગરમાગરમી ચડસાચડસી નથી પણ ઉદારતાથી વર્તો છો એ માટે મારા અભિનંદન છે.

પ્રારંભમાં ચેરમેન ડો. ભાવેશ આચાર્યએ સ્વાગત કરી વર્ષભરની પ્રવૃત્તિઓ વર્ણાવી હતી. કોલેજમાં થેલેસેમિયા પરીક્ષણ માટે રાજ્યની યુનિવર્સિટી તરફથી મળેલા સહકારને બિરદાવ્યો હતો. માનનીય રાજ્યપાલના હસ્તે રેડક્રોસ નવસારીના પદાધિકારીઓ ડો. અતુલ વ. દેસાઈ, કેરસી દેબુ, પ્રા. જશુભાઈ નાયક તથા કે.ડી. દેસાઈએ આ એવોર્ડ સ્વીકાર્યા હતા. રાજ્યમાં ૨૪ ડિસ્ટ્રિક્ટ બ્રાંચો કાર્યરત છે. એમાં (૧) રક્તદાન પ્રવૃત્તિમાં પ્રથમ ક્રમે (૨) જૂનિયર) (૩) યુથ રેડક્રોસમાં બીજા ક્રમે (૪) વર્ષ દરમિયાન રક્તદાન પ્રવૃત્તિ પસાર તથા મતદાન જાગૃતિ અભિયાનના પરિણામ લક્ષ્મી અભિયાનો માટે બીજા ક્રમે (૫) ગરીબ દર્દીઓ માટે રક્તગ્રહિતા તિથિદાન યોજના માટે પ્રથમ ક્રમે રેડક્રોસ નવસારીને પોખવામાં આવ્યું હતું.

કતારગામ ઝોન દ્વારા વેરાની ઉઘરાણી શરૂ થઈ

આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮-૧૯ દરમિયાન હાલમાં રીકવરીની ઝૂંબેશ ચાલુ હોય જે અંગે ગત તા. ૦૯/૦૧/૨૦૧૯ના રોજ મિલકતોમાં રીકવરી કરતા ગુરુકૃપા સોસા. ઉત્રાણ, રતિ પાર્ક સોસાયટી, લાલદરવાજા, ૯૯ શોપિંગ સેન્ટર સાયણ મેઈન રોડ, નિલકંઠ ઈન્ડ. વિ-૧ વેડરોડ વિસ્તારમાં ૪૩ મિલકતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા. ૩,૮૩,૦૦૦/- વસૂલ કરવામાં આવેલ છે.

પાણીના ધંધાની ભાગીદારીના ધંધાના વિવાદમાં એક પર હુમલો

ચાર ભાગીદારોએ મળીને એક ભાગીદારને માર માર્યો

સુરત

પાણીના ધંધામાં ભાગીદારી છુટી કરવા બાબતે થયેલી બબાલ લીંબાયત પોલીસ મથકે પહોંચી હતી. લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોડાદરા હરિઓમ નગરમાં રહેતા જયસુખ વલ્લભ હડીયાએ આરોપી વશરામ કાનજી વાઘમશી, નિહિલ વાઘમશી, યોગેશ, નરેશ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીને પાણીના ધંધાની ઓફિસ વૃંદાવન ખાતે બોલાવ્યો હતો. જ્યાં ધંધામાંથી અલગ થઈ જવાની વાતો કરી ફરિયાદી અને વલ્લભભાઈને ગાળો આપી લોખંડની પાઈપથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

અજાણ્યા મૃતકના વાલીવારસો સંપર્ક કરે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના દહાડ ગામે સ્મશાનભૂમિની બાજુમાં વહેતી ખાડીમાંથી તા.૨/૧/૧૯ના રોજ ૧૦ વાગ્યાની આસપાસ એક અજાણી વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતકની ઉંમર આશરે ૨૫ થી ૨૮ વર્ષ છે. જેના વાલીવારસોની તપાસ કરતાં મળી આવ્યા નથી. આ મૃતકના જો કોઇ વાલીવારસ હોય તો ઉમરગામ પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૬૦-૨૫૬૨૩૩૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.











ગિરિમથક સાપુતારાના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૫ દેશો સહિત ૬ રાજ્યોના કુલ ૭૨ પતંગબાજોએ ભાગ લીધો





આહવાઃ ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરને દેશવિદેશમાં લોકો ઓળખતા થાય, અને પ્રવાસન પ્રવૃત્તિના માધ્યમથી વિપૂલ માત્રામાં રોજગારીનું સર્જન કરી શકાય તેવા ગુજરાત સરકારના આશયને બિરદાવી, સાપુતારાના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવને ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ બીબીબેન ચૌધરીએ ખુલ્લો મુક્યો હતો.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ચૌધરીએ સાપુતારા ખાતે પધારેલા દેશવિદેશના મહાનુભાવોનું સ્વાગત કરી, રાજ્ય સરકારના ઉત્સવ, ઉજવણીના આવા કાર્યક્રમોને કારણે દેશવિદેશની સંસ્કૃતિનું પરસ્પર આદાનપ્રદાન થઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું.

ગુજરાતની અસ્મિતાને આવા કાર્યક્રમોને કારણે દેશવિદેશમાં ખ્યાતિ મળી રહી છે તેમ જણાવતા ડાંગ કલેક્ટર બી.કે.કુમારે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પધારેલા દેશવિદેશના પતંગબાજોના અવનવા કરતબ સહેલાણીઓ તથા સ્થાનિક પ્રજાજનોને જોવા મળશે તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.

કલેક્ટર કુમારે સાપુતારા સહિત ડાંગના અન્ય પ્રવાસન સ્થળોની પણ સૌને મુલાકાત લેવાનું આહ્?વાન કર્યું હતું. પ્રવાસન પ્રવૃત્તિના વિકાસથી સ્થાનિક રોજગારીનું સર્જન કરી શકાય છે તેમ જણાવતા કુમારે રાજ્ય સરકારના પ્રવાસન વિકાસના આયામોનો ખ્યાલ આપ્યો હતો.

ડાંગ જિલ્લા પંચાયતના માજી પ્રમુખ બાબુરાવ ચૌર્યાએ પ્રવાસન પ્રવૃત્તિને કારણે અહીં વિસ્તરેલી રોજગારીની તકોનો ખ્યાલ આપી, ડાંગ જિલ્લાના અન્ય દર્શનિય પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા પણ સૌને અપીલ કરી હતી.

શરૂઆતમાં સાપુતારા નોટીફાઈડ એરીયા કચેરીના ચીફ ઓફિસર કે.પી.ગામીતે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. અંતે ગુજરાત પ્રવાસન નિગમના મેનેજર રાજુભાઈ ભોંસલેએ આભારવિધી આટોપી હતી. દરમિયાન બ્રાઝિલથી પધારેલા પતંગબાજ ગુસ્તાવ એરીકોએ ગુજરાત, ગુજરાતની પ્રજા, અને ગુજરાતી ભોજન સહિત અહીંના પ્રવાસન સ્થળોની મુલાકાત તેમના માટે જીવનભરનું સંભારણું બની રહેશે તેમ તેમનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું.

મૂળ ગોધરાના એવા, અને છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંતથી કેનેડામાં રહેતા બિન નિવાસી ભારતીય સી.આર. કાપડીયાએ, ગુજરાતના પ્રવાસન સ્થળોની વિકાસગાથા સાંભળીને તેઓ આ વર્ષે ગિરિમથક સાપુતારા સહિત કચ્છનું સફેદ રણ, અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવ્યા છે, તેમ એક મુલાકાતમાં જણાવ્યું હતું. કાપડીયાએ ગુજરાતના થઈ રહેલા વિકાસ બાબતે ખુશી વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનિય છે કે, સાપુતારાના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આર્જેન્ટીનાના-૪, ઓસ્ટ્રેલિયાના-૬, બેલારૂસના-૪, બેલ્જિયમના-૩, બ્રાઝિલના-૩, બલ્ગેરીયાના-૩, કમ્બોડિયાના-૪, કેનેડાના-૨, ચીલીના-૧, ચીનના-૪, કોલમ્બિયાના-૫, ક્રુએશીયાના-૩, ક્રુરાકાઓના-૧, ઈટોનિયાના-૨, અને ફીનલેન્ડના-૨ મળી કુલ-૪૭ વિદેશી પતંગબાજોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમની સાથે આંધ્રપ્રદેશના-૪, બિહારના-૩, કર્ણાટકના-૪, મહારાષ્ટ્રના-૬, ૫?મિ બંગાળના-૪, અને રાજસ્થાનના-૪ મળી કુલ-૨૫ જેટલા દેશી પતંગબાજો પણ જોડાયા હતા.

દેશીવિદેશી પતંગબાજોએ અવનવા, આકર્ષક, રંગબેરંગી અને કલાત્મક પતંગો ઉડાડીને, સાપુતારાના ફલકને બહુરંગોથી ભરી દીધુ હતું. દરમિયાન આ મહાનુભાવો, પતંગબાજોએ ડાંગની સંસ્કૃતિની ઝલક પણ માણી હતી. અહીં ધવલીદોડના આદિવાસી યુવક મંડળે ડાંગનું વિખ્યાત ડાંગી નૃત્ય રજુ કરી દેશીવિદેશી મહાનુભાવો, અને પ્રવાસીઓને ડોલાવ્યા હતા. તો જવાહર નવોદય વિદ્યાલયની બાળાઓએ ગુજરાતની ઓળખસમા ગરબાની રમઝટ બોલાવી હતી. ચીંચલીના કાલિકા યુવક મંડળ દ્વારા અહી પાવરી નૃત્ય, અને ડોનના રામાયણ નાટિકા યુવક મંડળ દ્વારા રામાયણ નાટિકા રજુ કરી, ભારતવર્ષની વિવિધ સાંસ્કૃતિક ધરોહરનો પરચો આપ્યો હતો.

ગિરિમથક સાપુતારાના પતંગ મહોત્સવમાં આહવા તાલુકા પંચાયતના પ્રમુખ નરેશ ગવળી, સામાજિક કાર્યકર રમેશભાઈ ચૌધરી, સાપુતારા હોટલ એસોસિએશનના સેક્રેટરી તુકારામ કરડીલે સહિતના હોદેદારો, નાયબ વન સંરક્ષક દેવેન્દ્રકુમાર ત્રિવેદી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.ડી.પટેલ, પ્રાંત અધિકારી કાજલ ગામીત, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મેધા મહેતા, કાર્યપાલક ઈજનેર જી.એ.પટેલ સહિત વનિતાબેન કુમાર, સ્થાનિક પદાધિકારીઓ, નવાગામ/સાપુતારાની શાળાઓના બાળકો, સહેલાણીઓ, પ્રજાજનો, પ્રવાસીઓ, મીડિયાકર્મીઓ વિગેરેએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી. સાપુતારાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ પણ અહીં આરોગ્યલક્ષી સેવા માટે ઉપસ્થિત રહી હતી. સાપુતારાના પતંગ મહોત્સવ બાદ કલેક્ટર બી.કે.કુમાર, જિલ્લા પંચાયત અધ્યક્ષા બીબીબેન ચૌધરી સહિતના મહાનુભાવોએ ગવર્નર હીલ ઉપર નવી તૈયાર થયેલી ટેન્ટ સિટીનું પણ લોકાર્પણ કર્યું હતું. બાદમાં ઉચ્ચાધિકારીઓની ટીમે સાપુતારાના મધમાખ ઉછેર કેન્દ્ર સહિત નવાગામના ચેકડેમની જાતમુલાકાત લઈ ઉપયોગી જાણકારી મેળવી હતી. તેમની આ મુલાકાત વેળા હોટલ એસોસિએશનના સેક્રેટરી તુકારામ કરડીલે સહિત ચીફ ઓફિસર કે.પી.ગામીત, સંબંધિત અધિકારીઓ, પદાધિકારીઓ વિગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
प्रवास दिवस-૧૪
(ता.૦૩-૦૨-૨૦૧૯ थी ૧૭-૦૨-૨૦૧૯)
काशी, अलाहाबाद, छपैया, अयोध्या, लुम्बिनी, पोखरा, मनोकामना, गंडकी, पशुपतिनाथ, काठमंडु
रामेश्वरम ₹.૧૨,૦૦૦/-
प्रवास दिवस-૧૪
(ता.૦૫-૦૨-૨૦૧૯ थी ૧૮-૦૨-૨૦૧૯)
कन्याकुमारी, मदुराई, श्रीरंगम, पद्मनाभ, त्रिवेन्द्रम, कोडाई-केनाल, वेल्लुर, तिरुपति बालाजी, कोलमबीच
जगन्नाथपुरी ₹.૧૨,૦૦૦/-
प्रवास दिवस-૧૨
(ता.૨૦-૦૨-૨૦૧૯ थी ૦૫-૦૩-૨૦૧૯)
जगन्नाथपुरी, कलकत्ता, भुवनेश्वर, गंगासागर
सवारे चा-नास्तो, बे टाईम जमवानी व्यवस्था
आववा-जवा माटेनी व्यवस्था प्लेन तथा ट्रेईनमां राखवामां आवी छे.
साइटसीन फरवा माटे 2x2 ए.सी. बस रहेशे
जुज संख्यामां जवानुं होय व्हेला ते पहेलांना धोरणे नोंधावववा विनंती
दरेक जग्याए बे व्यक्ति माटे रूम आपवामां आवशे.
संपर्कः जडेश्वर चोकडी, गजानन कोम्प्लेक्ष, दुकान नं.૧૩, भरूच
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोईम्बतुरની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

भठीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कमर, गरदन, नशनां दुखावा माटे असरकारक
022-24147642
022-24147643
उत्पादकः
रेमेडीझ फार्मास्युटिकल्स
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino फ्लेट - बंगला - ओफिसना फर्नीचर माटे उत्तम क्वोलीटीनुं प्लायवुड
- मेरीनो लेमीनेट सीटस्
- 100% गरजन (Gurjan) B.W.P. वोटरप्रुफ प्लायवुड
- सेमी वोटरप्रुफ (गरजन) प्लायवुड
- फुल पेनल कोर कोमर्शीयल M.R. प्लायवुड
- बांधकाम माटे शटरींग प्लायवुड
- Ex-cel पी.वी.सी. सीट
- डेकोरेटीव विनीयर - लेमीनेट - M.D.F. सिमेन्ट सीट, फेवीकोल ब्लुकोट

जथ्थाबंध भावे मळशे.
ओर्थो. डिस्ट्रीब्युटर
घाएल प्लायवुड रमेशभाई
3-૪, प्रोप्राईटरी हाईस्कूल बिल्डींग, बुंदेलावाड, कोट सफील रोड, भागळ, सुरत-3.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

કૃષિ વિજ્ઞાનિકો નવા સંશોધનો ગામના ખેડૂતો સુધી પહોંચાડે : ગવર્નર કોહલી

નવસારી કૃષિ યુનિવર્સિટીનો ૧૪મો પદવીદાન સમારોહ યોજાયો

નવસારી

રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ નવસારી કૃષિ યુનિવર્સિટીના ૧૪મા પદવીદાન સમારોહમાં ૫૫૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પદવી એનાયત કરી, પુ.ગાંધીજીની ગ્રામ સ્વરાજની ભાવનાને સાકાર કરવા કૃષિ વૈજ્ઞાનિકો અને સંશોધકો પોતાના સંશોધનો ગામડાના ખેડૂતો સુધી પહોંચાડીને આર્થિક ઉત્કર્ષ તરફ લઇ જવા આહવાન કર્યુ હતું. રાજયપાલ સાથે કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ, ડીએઆરઇના સેક્રેટરી અને ડાયરેકટર જનરલ આઇ.સી.એ.આર.દિલ્હીના ડો.ત્રિલોચન મોહાપાત્રા તથા કુલપતિશ્રી ડો.સી.જે.ડાંગરીયા જોડાયા હતા.

નવસારી કૃષિ યુનિવર્સિટીના પટાંગણમાં યોજાયેલા ૧૪માં દિક્ષાંત સમારોહમાં રાજયપાલ, કૃષિમંત્રી સહિતના હસ્તે સ્નાદતક કક્ષાના ૩૬૮ અને અનુસ્નાપતક કક્ષાના ૧૮૨ કુલ મળી ૫૫૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગ્યિતા પ્રાપ્તસ કરનાર સ્નામતક કક્ષાના ૧૨ અને અનુસ્નાનતક કક્ષાના ૧૧ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને કુલ ૩૪ ગોલ્ડ / ગોલ્ડા પ્લેમટેડ સિલ્વનર મેડલો તેમજ યુનિવર્સિટીના બેસ્ટ૧ ટીચર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

રાજયપાલશ્રી કોહલીએ યુવાપેઢી કૃષિમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી કૃષિ ઉત્પાદકતા વધારી ખેડૂતોની આવકને બમણી કરવા પ્રયત્નશીલ બને તેમ જણાવી ઉમેર્યું હતું કે, ગામડાઓ ઉપેક્ષિત ન રહે તે દિશામાં આગળ વધી દેશના વિકાસમાં ભાગીદાર બનીએ. આપણે વિકાસશીલ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફ આગળ જઇ રહ્યા છીએ ત્યારે ઇ.સ.૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા પ્રતિબધ્ધ બનીએ. જેમાં કૃષિ યુનિવર્સિટી અને કૃષિ તજજ્ઞોએ મહત્વની ભુમિકા અદા કરવાની છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, કૃષિ વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે આપણે માનસિકતા બદલવાની છે. ઘણી મુશ્કેલીઓ છે. કૃષિ ઉત્પાદકતા વધે સાથે સાથે પર્યાવરણનું પણ સંવર્ધન થાય, તો જ કૃષિકારોની સમસ્યાનું નિવારણ શકય છે.

રાજયના કૃષિ મંત્રી શ્રી આ૨.સી.ફળદુએ પદવીધારકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના દિલ્હી ખાતે યોજાયેલા ૧૧મા ગ્લોબલ એગ્રો સમિટમાં બેસ્ટ એગ્રી કલ્ચર સ્ટેટ તરીકે ગુજરાતની પસંદગી કરવામાં આવી છે, એ જ દર્શાવે છે કે ગુજરાત કૃષિ ક્ષેત્રે દેશમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. નવા જ્ઞાન અને નવી શકિત વડે નવા વિશ્વના નિર્માણમાં ભાગીદાર બનવા સાથોસાથ ખેડુતોના આર્થિક જીવનમાં પરિવર્તન લાવવા રાજય સરકાર પ્રતિબધ્ધ છે.

ગુજરાતમાં ઉર્જા ક્ષેત્રે ક્રાંતિનો ઉલ્લેખ કરી કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત એક સમયે વિજળીના ક્ષેત્રે પછાત હતું જયારે આજે ગુજરાતે કુદરતી સ્રોતાના ઉપયોગ વડે વિજળીના ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બન્યું છે ગુજરાત ૨૨ હજાર મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરે છે. પવનચક્કી થકી ૨૮૦૦ મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરી રહ્યું છે

પદવીદાન સમારોહના મુખ્યથ મહેમાન દિલ્હી ઇન્ડિપયન કાઉન્સિ લ ઓફ એગ્રીકલ્ચ.૨ રીચર્સના ડાયરેકટર જનરલ ડો. ત્રિલોચન મોહાપાત્રાએ જણાવ્યું હતું કે, કૃષિ સંશોધન વડે દેશની કૃષિ ઉપજના વધારા સાથે કૃષિ ઇકોનોમી વધે તે માટે યોગદાન આપવાની આવશ્યકતા છે. નવસારી કૃષિ યુનિવર્સિટીએ સમગ્ર દેશમાં નવમું સ્થાન મેળવીને દેશમાં નામના મેળવી છે. જે ગૌરવની વાત છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી રહ્યુ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.જે.ડાંગરીયાએ સૌને આવકારી, કૃષિ યુનિવર્સિટી દ્વારા મેળવેલી સિધ્ધિયઓ, શૈક્ષણિક વિકાસની રૂપરેખા આપી હતી. કૃષિ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો.વી.એ.સોલંકીએ આભારદર્શન કર્યુ હતું

રાજયપાલશ્રી કૃષિ યુનિવર્સિટીના હેલીપેડ ખાતે આવી પહોંચતા કલેકટર ડો.એમ.ડી.મોડીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. ગીરીશ પંડયા,કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.જે.ડાંગરીયાએ ઉષ્માોભર્યું સ્વાગિત કરી, પોલીસ પરેડ દ્વારા સલામી આપી હતી.

કૃષિ યુનિવર્સિટીના ૧૪ માં પદવીદાન સમારોહમાં કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાઓ સર્વ શ્રી ડો..એ.આર.પાઠક, ડો.એન.સી.પટેલ, ડો.એન.એચ.કેલાવાલા સહિત કૃષિ તજજ્ઞો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિ,ત રહ્યા હતા.

ઐતિહાસિક નગરી સોનગઢ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ યોજાયો

દેશ વિદેશના ૮૦ પતંગબાજોના કલા કૌશલને સોનગઢવાસીએ મનભરીને માણ્યા

વ્યારા

તાપી જિલ્લાના સોનગઢ ખાતે આવેલી આદર્શ નિવાસી શાળાની સામેના મેદાનમાં સોનગઢ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન ચૌધરીની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેકટર એન.કે. ડામોરની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પતંગ મહોત્સવમાં દેશ વિદેશથી પધારેલા ૮૦ પતંગબાજોના કલા કૌશલને સોનગઢ નગરવાસીઓએ મનભરીને માણ્યા હતા.

પતંગ મહોત્સવના આ કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા જિલ્લા કલેકટર એન.કે. ડામોરે જણાવ્યું હતું કે, ગુજરાત રાજય પ્રવાસન નિગમ અને તાપી જીલ્લા વહીવટીતંત્ર દ્વારા દ્વિતીય પતંગ મહોત્સવનું આયોજન સોનગઢ ખાતે કરવામાં આવ્યું હતું. આ પતંગ મહોત્સવમાં દેશ વિદેશના પતંગબાજોએ અવનવા પતંગો દ્વારા કરેલા કરતબોથી નગરજનો અચંબિત થઇ ગયા હતા. આ પતંગ મહોત્સવને નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડયા હતા. પતંગરસિયાઓ એ મનભરીને પતંગ મહોત્સવને માણ્યો હતો એમ તેમણે જણાવ્યું હતું.

સોનગઢ ખાતે પતંગ મહોત્સવમાં બેલ્જીયમથી આવેલા પતંગબાજ ટોમ સ્ટીવન્સે જણાવ્યું હતું કે, હું સતત ચાર વર્ષથી ભારતમાં આવું છું. અહીની સંસ્કૃતિ ખૂબ જ સારી છે. સોનગઢ ખાતે આજના મહોત્સવમાં અમને ખૂબ સારો આવકાર મળ્યો છે. અહીના લોકો ખૂબ સારા છે, અહીંનું આતિથ્ય માણી અમે ખૂબ ખુશ થયા છીએ એમ જણાવ્યું હતું.

કંબોડિયાથી આવેલા બીજા એક પતંગબાજ સારેથ રોઉંગે જણાવ્યું હતું કે, અમે ભારતની સંસ્કૃતિથી ખૂબ પ્રભવિત થયા છે. હું ભારત અને ભારતવાસીઓની ઉત્સવપ્રિયતાનો ચાહક છું એમ જણાવ્યું હતું.

સોનગઢ ખાતે યોજાયેલા આ પતંગ મહોત્સવમાં દેશી વિદેશી અવનવા આકારના પતંગોથી આકાશ રંગ બેરંગી રંગોથી છવાઇ ગયું હતું.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બેલારૂસ, બેલ્જીયમ, બ્રાઝીલ, બલ્ગેરિયા, કોમ્બોડિયા, કેનેડા, ચીલી, ચાઇના, કેમરૂન, કોલંબિયા, ક્રોએશિયા, એસ્ટોનિયાના વિદેશી પતંગબાજો તથા બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કેરળ અને રાજસ્થાનના પતંગબાજોએ તેમના પતંગબાજીના કરતબોથી નગરજનોના મન મોહી લીધા હતા.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન નગરપાલિકા ચીફ ઓફિસર શૈલેષભાઇ પટેલે કર્યું હતું. શાળાની બાળાઓ અને વાઝરડાના કલાવૃંદે સાંસકૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન અરવિંદભાલ ગામીત અને કિન્નરીબેને કર્યું હતું.

કાર્યક્રમમાં સોનગઢ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કુંજલતાબેન ગામીત, વ્યારા નગરપાલિકાના પ્રમુખ મહેરનોશભાઇ જોખી, જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયા, પ્રાયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.જે.નિનામા, યોજના સહ તાલુકા વિકાસ અધિકારી વિનેશભાઇ બાગુલ, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ, નગરજનો અને શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાગબારાથી શાળામાં 'પરીક્ષા એક ઉત્સવ' વિષયે સેમિનાર યોજાયો

સુરત

આદર્શ નિવાસી કન્યાશાળા- સાગબારા ''પરીક્ષાઃએક ઉત્સવ'' અને '' ભાષા સજજતા'' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિની વસાવા ઇલાવતીબહેને મધુર કંઠે પ્રાર્થના રજૂકરી હતી. શાળાની અન્ય વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. શાળાના આચાર્ય શ્રી ડો.મનોજભાઈ સોંદરવાએ ટ્રેનર શ્રી રાજેશભાઈ ધામેલિયાનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં ટ્રેનર શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, ''શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં વિચાર શક્તિ ખીલે, આત્મવિશ્વાસ વધે તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાથી ડરવાની જરૂર નથી, કારણ શાળાકીય કે બોર્ડની પરીક્ષા અંતિમ નથી. પરંતુ સમગ્ર જીવન જ એક પરીક્ષા છે. પરિણામની ચિંતા છોડીને આયોજનપૂર્વક આનંદથી પરીક્ષાની તૈયારી કરવાથી પરીક્ષા એક ઉત્સવ બની શકે. શાળાની કે બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા પછી પણ જીવનમાં ઊંચી સિદ્ધિઓ હાંસલ કરનાર અનેક વ્યક્તિઓ આપણા માટે પ્રેરણારૂપ છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે.અબ્દુલ કલામનો જીવન પ્રસંગ કહીને ડર છોડીને અભ્યાસમાં એકાગ્રતાથી મહેનત કરવા જણાવ્યું હતું. ''ભાષા સજજતા'' સેમિનરમાં માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, '' ભાષાનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાથી ખૂબ સહેલાઈથી નવું શીખી શકીએ છીએ. વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, '' આજે અમને નાની વાર્તાઓ અને ઉદાહરણો સાથે ઘણું નવું શીખવામળ્યું છે. અમે પરીક્ષાનું માઇક્રો પ્લાનિંગ ખૂબ સારી ટકાવારી જરૂર પ્રાપ્ત કરીશું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષક શ્રી શૈલેશભાઈ ભામ્ભીએ કર્યું હતું.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ગરૂડપ્રાંતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ વહેંચી આપવામાંથી સુવિધા જ્યો, જે માટે સાથે ડાયરેક્ટ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી અસવતીકાવનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક જોઘણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકવ્યુ રકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૪૫૦/- (ચોટો મોડવી ૬પવી)
આપની કોડ સેલ વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
પેના માટે આપે ગરૂડપ્રાંતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ગ્રણ વર્ષ માટે ૧૫૦૦/- (ચોટો મોડવી ૬પવી)
આપની કોડ બીજા ગ્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે સેલ વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
પેના માટે આપે ગરૂડપ્રાંતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપની કોડ રીન્યુ કરાવી હમારો કમાવાની તક ગડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે

આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....

માં-બાપનો ભૂલશો નહી

આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...

કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી

આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ

તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે

-: સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ

-: આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ



મહિનાઓથી ધક્કા ખાતા અરજદારોને સેવા સેતુ જેવા કાર્યક્રમ પર ભરોષો નથી

રાજપીપળા નગરપાલિકા દ્વારા યોજાયેલ સેવાસેતુમાં સાચા આંકડા મુજબ ફક્ત ૨૭૮ લાભાર્થીઓ નોંધાયા

૨૭૮ પૈકી ૧૨ આકારણી ૧૨ જન્મમરણ ૬૫ મિલકત વેરા સહિત કુલ ૮૯ અરજીઓનો પાલિકા દ્વારા સ્થળ પર નિકાલ થયો



ગત સપ્ટેમ્બરમાં પાલિકા દ્વારા યોજાયેલા સેવા સેતુ માં મામલતદાર વિભાગની ૭૦૦ જેવી અરજીઓ આવેલી જેમાં આવક જાતિના દાખલા સ્થળ પર મળશે એવી આશા રાખી લાભાર્થીઓ આવ્યા પરંતુ એ પૈકી મોટાભાગના લાભાર્થીઓને હજુ સુધી આ દાખલ મળ્યા નથી

જયારે ૨૦૧૯ ના વર્ષ નો પેહલો સેવા સેતુ ગુરુવારે પાલિકા દ્વારા થયો જેમાં ૨૭૮ અરજદારોમાંથી માત્ર ૮૯ પાલિકાની અરજીઓનો સ્થળ પર નિકાલ થયો, બાકીની અન્ય વિભાગની અરજીઓનો ક્યારે નિકાલ થશે એ રામ જાણે,અગાઉ થયેલા સેવા સેતુના કાર્યક્રમોમાં હજારો લાભાર્થીઓને પાલિકા સિવાયની અન્ય અરજીઓના દસ્તાવેજો ટલ્લે ચઢ્યા છે આ માટે કલેક્ટરને પણ જાણ કરાઈ છે ત્યારે હવે શું થશે એ જોવું રહ્યું.

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકા કે જેની ઘણા વર્ષોથી આર્થિક સ્તિથી નબળી કરતા ખરાબ કહી શકાય એવી છે છતાં સરકાર દ્વા લાભાર્થીઓના લાભ માટે અપાયેલા સેવા સેતુ જેવા કાર્યક્રમો માટે ખર્ચ કરવા પડે છે પરંતુ આવા કાર્યક્રમો થકી લાભાર્થીઓની અરજીઓ નો સ્થળ પર નિકાલ થતો નથી માત્ર પાલિકાને લગતી અરજીઓ નોજ સ્થળ પર નિકાલ થતી જોવા મળે છે ત્યારે આવા કાર્યક્રમો ફક્ત સરકારની પ્રસિદ્ધિ માટેજ શરૂ કરાયા હોય એમ લાગે છે કેમકે અગાઉ પાલિકા દ્વારા રખાયેલા આવા સેવા સેતુ માં અન્ય ખાતાઓની હજારો અરજીઓ જેતે ામાં પેન્ડિંગ પડેલી છે જેમાં અરજદારો પાસે એફિડેવિટ સહિતના ખર્ચ કરાવ્યા બાદ પણ છ છ મહિના થવા છતાં એમના દસ્તાવેજો હજુ મળ્યા નથી સાથે સાથે સેવા સેતુની શરૂઆત માં દરેક વિભાગના ટેબલો આ કાર્યક્રમમાં ગોઠવાતા હતા પરંતુ હાલ મોટા ભાગના વિભાગ માંથી કોઈ ફરકતું નથી જેથી લાભાર્થીઓ ખાલી ધક્કા ખાઈ પરત ફરે છે ત્યારે આવા કાર્યક્રમો જાણે માત્ર પાલિકાના ખોટા રૂપિયા વેડફવા માટે અને સરકારની પ્રસિદ્ધિ માટેજ કરાતા હોય એમ લાગે છે.

તા. ૨૭મીએ દેશભક્તિ ગીત તથા સ્વીટ સીંગર સ્પર્ધાનું આયોજન

સ્પર્ધામાં ભાગ લેવા પ્રવેશ પત્રો ભરી દેવા

સુરત

સુરત - બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટ્સ કલબ સુરત દ્વારા સુરત મોઢવણિક યુવક મંડળ, અડાજણ રાંદેર રોડ, સુરત : પંચમ મ્યુઝિક ગ્રુપના સૌજન્યથી મ્યુઝિક ટ્રેક કરાવકે સીડી પર સત્તાવીસમી જાન્યુઆરી ૨૦૧૯ રવિવારે સવારે ૧૧ વાગ્યાથી દેશભક્તિ-કોમી એકતા ગીત સ્પર્ધા. બપોરે બે વાગ્યાથી સ્વીટસીંગર ગીત સ્પર્ધા. સાંજે ૪ વાગ્યાથી મો. અઝીઝના ગીતોની સ્પર્ધા. દિલીપ પરેશ હોલ, ટી એન્ડ ટીવી સાર્વઝનિક સ્કૂલ પાસે, અઠવાલાઈન્સ, સુરતમાં યોજાશે. ઉપરોકત ગીત સ્પર્ધાઓમાં ભાગ લેવા મોહિન મલિક (મો. ૯૯૨૫૫-૦૮૬૪૦), અનિલ દલાલ (મો. ૯૮૨૫૧-૨૭૪૮૮), રવિકુમાર અગલ (મો. ૯૮૨૪૧-૧૧૬૦૧), બી.ટી. ફોટોગ્રાફર (મો. ૯૮૨૫૦-૫૪૩૦૦), બેસ્ટ બેકરી, ભાગળ બજાર, સુરત પાસેથી પ્રવેશપત્ર મેળવી ૨૪મી જાન્યુઆરી સુધીમાં ભરી જવા જણાવાય છે. ત્રણે ગીત સ્પર્ધાઓના ૨૬ વિજેતાઓને ટ્રોફીઓ, પ્રમાણપત્રો એનાયત કરાશે.

મહિધરપુરા મણિયારા શેરીમાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનમાં ડે. કમિશનર અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૦૬ (મહિધરપુરા) નોંધ નં. ૧૫૪૩, મણિયારા શેરી, મહિધરપુરા વાળી મિલકતમાં સુરત મહાનગરપાલિકાના મંજૂર કરાયેલ પ્લાન વિરુદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા. ૧૦/૦૧/૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગ પાંચમા માળેથી આશરે ૮૩૦ ચો.ફૂટ આર.સી.સી. સ્લેબ તથા ૩૦૦ ચો. ફૂટ ચણતર દૂર કરવામાં આવેલ છે.

નાંદોદ તાલુકાના હજારો અરજદારો જ્યાં રોજ આવે છે એવા જનસેવા કેન્દ્રની બદતર હાલતમાં લોકોના દસ્તાવેજો સલામત નથી



કરોડો રૂપિયાના ખર્ચે નવી મામલતદાર કચેરી ખુલ્લી મુકાઈ હોવા છતાં લોકોના અગત્યના દસ્તાવેજો જનસેવાના જૂના ભંગાર મકાનમાં ગમે ત્યાં ધૂળ ખાઈ રહ્યા છે

સરકાર વિકાસ માટે કરોડોનો ધુમાડો કરે છે છતાં સ્થાનિક અધિકારીઓની આંખે પાટા બાંધ્યા હોય એમ કોઈની પ્રગતિમાં રસ નથી

રાજપીપળા : નર્મદા જિના વિકાસ માટે સરકાર ઘણા કો કરે છે ભલે એમાં ભ્રટાચાર થયો હોય પણ વિકાસ તો થાયજ છે છતાં વિકાસના કામો થયા બાદ પાછું વળીને ન જોતા અમુક લાપરવાહ અધિકારીઓના કારણે પ્રજા અને નાના કર્મચારીઓ અટવાય છે ત્યારે રાજપીપળા ખાતે કરોડોના ખર્ચે નવી બનેલી મામલતદાર કચેરી માં સ્વછતા નો અભાવ હોવાનો અહેવાલ અમે ટૂંક સમય પહેલાજ પ્રસિદ્ધ કર્યો તેની સ્યાહી હજુ સુકાઈ નથી ત્યાં મામલતદાર હસ્તક જ આવતા જનસેવા કેન્દ્ર માં કે જયાં રોજના હજારો અરજદારો પોતાના દાખલ સહિતના દસ્તાવેજો માટે આવે છે તેની હાલત તદ્દન બદતર છે અને તેમાં અસ્ત વ્યસ્ત પડેલા દસ્તાવેજો તેમજ ગંદકીના કારણે મચ્છરોનો પણ ભારે ઉપદ્રવ વધ્યો છે છતાં આ જનસેવા કેન્દ્ર ને નવા મકાનમાં કેમ હટાવવામાં આવતું નથી તે એક શંકાસ્પદ બાબત છે શું અલગ રખાયેલી જનસેવાની કચેરી કોઈના અંગત સ્વાર્થ માટે અલગ રાખી છે...? કેમ એને નવી બિલ્ડિંગમાં શિફ્ટ નથી કરાતી...? સરકારે કરોડોના ખર્ચે નવું મકાન બનાવી આપ્યું હોય ત્યારે લોકોના દસ્તાવેજો અને સ્ટાફ તેમજ અરજદારો ની સલામતી માટે પણ જનસેવા કેન્દ્ર નું કામકાજ નવા મકાન માં ક્યારે ખસેડાસે એ નાતે હજુ કોઈ ઉદ્ઘાટન બાકી છે...? જિલ્લા કલેક્ટર જનસેવાની હાલત પર નજર મારશે તો ત્યાં સ્વછતાનું નામોનિશાન નહિ મળે.

રાજપીપલામાં સગીરાની છેડતી કરતા રોમિયોને નિર્ભયા સ્કોર્ડએ રંગેહાથ ઝડપી લીધો



રાજપીપળા : નર્મદા જિલ્લા અતિપછાત જિલ્લો છે અને રાજપીપળા શહેરમાં અનેક નાના ગામડાઓમાંથી વિધાર્થિનીઓ શાળામાં ભણવા આવે છે. ત્યારે આ વિધાર્થીનીઓની છેડતીના બનાવો વધતા નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા દ્વારા એક નિર્ભયા સ્કવોર્ડ બનાવવા આવી છે. જેમાં મહિલા પોલિસને ખાસ ટ્રેનિંગ આપી રાજપીપળા શહેરની શાળા અને કોલેજોમાં સતત મોનીટરીગ કરતી રહે છે અને અત્યાર સુધીમાં અનેક મજનુને પકડી આ સ્કવોર્ડ ટીમે ઉમદા કામગીરી કરી છે. ત્યારે ગતરોજ પણ નિર્ભયા સ્કવોર્ડના પીએસ આઈ કે.કે.પાઠક, એસ.ડી.પટેલ સહીત સમગ્ર ટીમ વિવિધ સ્થળો પર ચેકીગ કરતી હતી ત્યારે રાજપીપળાની એક શાળાએ જતી સગીર વયની વિદ્યાર્થીનીની છેડતી કરનારને નર્મદા પોલીસની નિર્ભયા સ્કવોર્ડે ઝડપી પાડ્યો હતો.

રાજપીપળા લાલટાવર પાસે આવેલ એક શાળાની નજીક વિદ્યાર્થીનીની છેડતી કરતા રંગે હાથે ઝડપી પાડ્યો હતો આ યુવક સગીરા પાસે છેડતી કરી અવારનવાર અનૈતિક માંગણી કરી જાહેર રોડ પર છેડતી કરતો હતો.જેથી સગીરાના વાલીઓએ નિર્ભયા સ્કવોર્ડને ફરિયાદ કરતા છેડતી કરનાર આ સતીષ વસાવા નામના યુવાનને નિર્ભયા ટીમે વોચ રાખી પકડી પાડ્યો હતો અને જાહેર સ્થળ પરજ આ યુવાન ફરી કોઈ આવો ગુનો ન કરે એ માટે જાહેરમાં ઉઠબેસ કરાવી સબક સીખવાડ્યો હતો હાલ આ યુવાનને રાજપીપલા પોલીસ સ્ટેશન લઈ જઈ તેની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરતા યુવાન દ્વારા આજીજી કરતા યુવાનનું ભાવી ના બગડે એ માટે તેની પાસે માફી પત્ર લખાવી છોડી મુકવામાં આવ્યો હતો.

આ બાબતે નિર્ભય સ્કવોર્ડ નર્મદાના પીએસઆઈ કે કે પાઠકે જણાવ્યું હતું કે આ યુવાન વિધાર્થીનીને કેટલાક દિવસોથી હેરાન કરતો હતો અને છેડતી પણ કરતો હતો જેથી વિદ્યાર્થિનીએ શાળાના આચાર્ય અને તેના વાલીને પણ ફરિયાદ કરી હતી આ બંને દ્વારા નિર્ભયા સ્કોર્ડને ફરિયાદ મળતા આજે આ યુવાન પર વોચ રાખી લાલટાવર પાસે છેડતી કરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

રાજપીપળા ખાતે આવેલી નાંદોદ ઈધામાં વારસાઈ વેચાણની અરજીના નિકાલ માટે પૈસા આપી કામ થતું હોવાની ફરિયાદ

નરેન્દ્ર મોદીનો વચેટિયાઓને દૂર કરવાનો પ્રયાસ રાજપીપળામાં સફળ થાય એમ નથી લાગતું

રાજપીપળા : રાજપીપળા ખાતે આવેલી મામલતદાર કચેરી હસ્તક આવતી ઈધરા ની ઓફિસ માં અરજદારો લુંટાતા હોવાની બૂમ સંભળાઈ રહી છે ત્યારે અરજદારે જો વારસાઈ વેચાણ માટે અરજી કરી હોય તો કચેરીના કોઈ એક અધિકારી ધક્કે ચઢવે ત્યારાદ બહાર ફરતા એજન્ટો આ અરજદારને ચપટીમાં કામ કરાવી આપવાની ખાતરી આપી એક અરજી દીઠ ૨૫૦૦ રૂપિયા પડાવી કામ પણ કરાવી આપતા હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે આ રખડતા એજન્ટો કોના ઈશારે કામ કરતા હશે...? એમાં કચેરીનો માસ્ટર માઈન્ડ કોણ છે...? અને એમાં એજન્ટ ઉપરાંત કોનો કોનો ભાગ છે...? એ તપાસનો વિષય છે જોકે આજ કચેરી બહાર આવકના કે અન્ય દાખલા કઢાવવા અગાઉ ધક્કા ખાતા લોકો એ જણાવ્યું હતું કે ૫૦૦ રૂપિયા આપો તો બે કલાકમાં દાખલ મળી જાય અને રેગ્યુલર ને ચારપાંચ દિવસ બાદ મળે ત્યારે એ બાબતે અમે એ સંતે સમયે અહેવાલ પ્રસિદ્ધ કર્યા બાદ એજન્ટો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા તે હવે ફરી સક્રિય થયા હોય એમ લાગે છે ત્યારે તેમાં કોની સંડોવણી છે એ બાબતે મામલતદાર તપાસ કરી આ કચેરીની વારંવાર ખરડાતી છબી સુધારે એ જરૂરી છે .

મારા ધાયને ઈધરાની વાત આવી નથી છતાં તપાસ કરીશ : નાંદોદ મામલતદાર

આ બાબતે નાંદોદ મામલતદાર એ. કે. ભાટિયાએ ઈધરામાં પૈસા લેતા હોવાની વાત બાબતે જણાવ્યું કે મારા ધ્યાન પર આવી વાત હજુ આવી નથી આમ તો અરજદાર નિયમ મુજબ ૨૦ રૂપિયાની રસીદ ફાળવી કામ કરાવે છે તે છતાં હું આ બાબતે તપાસ કરીશ અને આપની ધ્યાને પણ કોઈ આવે તો મને જાણ કરશો.

વારસાઈ વેચાણની અરજી માટે કચેરીના એક અધિકારી ધક્કા ખવડાવે ત્યારબાદ કાચેરી બહાર ફરતા એમના એજન્ટો વચ્ચે પડી ૨૫૦૦ રૂપિયા લઈ કામ કરી આપે છે: અગાઉ આવાજ એજન્ટો જનસેવામાં દાખલ માટે ૫૦૦ રૂપિયાનું ઉઘરાણું કરતા હતા એ ાબતે અમે અહેવાલ પ્રસિદ્ધ કર્યા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયા એ હાલ ફરી સક્રિય થયા હોય તો એમની સોની સાઠગાંઠ





અંક્લેશ્વર વિસ્તારમા વીજ ટ્રાન્સફોર્મર તોડી કોપર વાયર ચોરી કરતી ગેંગ ઝડપી પાડતી ભરૂચ જીલ્લા પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ ભરૂચ જીલ્લા ના અંક્લેશ્વર તાલુકા સીમ વિસ્તાર આવેલ માંડવા,કાસીયા તથા સુરવાડી,જુના દીવા,નવા દીવા તેમજ આસ-પાસ ના ગામોમાં ખેતી માટે આપવામા આવતી વીજ લાઈનના ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપર વાયર ની ચોરી ના ગુનાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ અંક્લેશ્વર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એલ.એ. ઝાલા સાહેબની રાહબદી હેડ પો.સ.ઈ કે.એમ.ચૌધરી એસ.ઓ.જી ભરૂચ તથા બીજા પોલીસ માણસો સાથે એક સ્પેશિયલ સ્કોડની રચના કરવામા આવેલ જે સ્કોડ ના પો.સ.ઈ કે.એમ.ચૌધરી તથા પોલીસ માણસોએ ઉપરોકત ગુનાઓ શોધી કાઢવા બાબતે તપાસ શરૂ કરેલ જે તપાસ દરમ્યાન શકમંદ ઈસમો તેમજ આ પ્રકારની ચોરીમા અગાઉ પકડાયેલ ઈસમો બાબતે હકીકત મેળવી વોચ રાખવામા આવેલ એ દરમ્યાન બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે, અગાઉ વીજ ટ્રાન્સફોર્મર ચોરીના ગુનાઓમાં પકડાયેલ અરવિંદભાઈ દેવજીભાઈ વસાવા રહે- નૌગામા તા-અંક્લેશ્વર નો તે સાગરીતો સાથે હાલમા ચોરીઓ કરવામા સક્રીય છે અને તે તેના સાગરીતો સાથે ચોડી કરી કોપર વાયરો લઈ કોઈ જગ્યાએ વેચાણ કરવા પોતાની મોટર સાયકલો ઉપર નિકળેલ છે તેવી ગુપ્ત બાતમી હકીકત મળતા પો.સ ઈ કે એમ ચૌધરી તથા સ્કોડના માણસોએ અંક્લેર ગડખોલ પાટીયા પાસે વોચમા રહી આયોજન પુર્વક કુલ પાંચ ઈસમો જેમા (૧) અરવિંદભ દેવજીભાઈ વસાવા (૨) શામળભાઈ દેદ્રજીભાઈ વસાવા (૩) દિનેશભાઈ અરવિંદભાઈ વસાવા, રાકેશભાઈ શંકરભાઈ વસાવા તમામ રહે- નૌગામા નિશાળ ફળીયુ તા-અંક્લેશ્વર તથા (૫) કમલેશ ઉર્ફે મુદ્દનો જશુભાઈ વસાવા રહે-જુના હરીપુરા તા-અંક્લેશ્વર નાઓને રોકી લઈ તપાસ કરતા તેઓ ના કબજામાંથી અલગ-અલગ સાઈઝ ના નટ-બોલ્ટ ખોલવાના પાના-પક્કડ તેમજ મીણીયા કોથળાઓમા ભરેલ ટ્રાન્સફોર્મરમા વપરાતી કોપરની રીગો તેમજ કોપર વાયરો મળી આવેલ જે મળી આવેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા કોઈ સંતોષકારક હકીકત જણાવેલ નહી જેથી તમામની યુક્તિ પ્રયુક્તિ પુર્વક પુછપરછ કરતા અંક્લેશ્વર તાલુકાના માંડવા,કાસીયા છાપરા, બોરભાઠા સુરવાડી, જુના દીવા વિગેરે ગામોની સીમમાંથી રાત્રીના સમયે ખેતી ના ઉપયોગ માટે આપવામાં આવતી વીજ લાઈનના ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપર વાયરો ની ચોરી કરેલાની કબુલાત કરેલ જેઓની પુછપરછ કરતા હાલમા અંક્લેશ્વર શહેર પો.સ્ટે.મા નોંધાયેલ અંદાજે દસેક ગુનાઓનો ભેદ ઉકેલવામા સફળતા મળેલ છે. જે બાબતે વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) કોપરની રીગો તેમજ કોપર તાર ના ગુંચળા કુલ-૧૨૪ કી.ગ્રા કી.રૂ. ૩૭,૨૦૦/- (૨) રોકડા રૂ.૧૯૦૦/- તથા (૩) મોબાઈલ ફોન નંગ-૩ કી.રૂ.૬૫૦૦/- (૪) મો.સા નંગ-૩ કી,રૂ.૨૯૦૦૦/- (૫) પક્કડ-પાના કી,રૂ.૫૦૦/- મળી કુલ કી.રૂ.૭૫,૧૦૦/- નો મુદ્દામાલ આરોપી ની એમ.ઓ રાત્રીના સમયે સીમમાં આવેલ ખેતી ના ઉપયોગ માટે આપવામા આવતી વીજ લાઈનના ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપર વાયરો ની ચોરી

આરોપી નો પુર્વ ઈતિહાસ-

પકડાયેલ આરોપીઓ પૈકી અરવિંદભાઈ દેવજીભાઈ વસાવા ગેંગ નો મુખ્ય સુત્રધાર છે જે અગાઉ અંક્લેશ્વર શહેર પો.સ્ટે. મા ટ્રાન્સફોર્મર ચોરીના ઘણા ગુનાઓ પકડાયેલ છે.

પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના મુજબ એલ.સી.બી ભરૂચ ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.જે.ધડુક નાઓના માગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ.એ.એસ.ચૌહાણ તથા પોલીસ સબ ઈન્સ. વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસો પ્રોહી.જુગાર ની પ્રવૃતિ અટકાવવા સારૂ અંક્લેશ્વર વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન એલ.સી.બીના હે.કો.ચંદ્રકાંતભાઈ ને બાતમીદાર મારફતે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે તા-૨૩/૧૨/૨૦૧૮ ના રોજ ભરૂચ શીતલ સર્કલ પાસેથી ભરૂચ ૫૦૬ પોલીસે એક ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ એક ઈકો કાર ઝડપી પાડેલ જે બાબતે ભરૂચ શહેર "સી" ડીવી. પો.સ્ટે.ગુનો દાખલ કરવામા આવેલ જે ગુનામા વોન્ટેડ બે આરોપી (૧) મોહમદજુબેર ઉર્ફે હજી અબ્દુલરસીદ મલેક,રહે-મદીના હોટલ નીચે,મલેકવાડ, મસ્જીદ ની સામે,ભરૂચ તથા(૨) શાહરૂખ ઈસ્માઈલ કુરેશી અંક્લેશ્વર ખાતે આવેલ હોવાની હકીકત આધારે વોચમા રહી ઉપરોક્ત બન્નેને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

હજીરામાં બાળકી પર બળાત્કાર કેસમાં શકમંદોની ઉલટ તપાસ

સુરત

હજીરા ગામના નવીન મોહનની ચાલમાંથી પરપ્રાંતીય ૩ વર્ષની માસુમ બાળકીનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. આ બનાવ અંગે પોલીસે પાડોશમાં રહેતા પાંચેક લોકોની સઘન પૂછપરછ હાથ ધરી છે. પોલીસ અને એફએસએલ દ્વારા ઘટના સ્થળની તપાસ કરવામાં આવી છે. હજીરા પોલીસ મથકના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ ગુરૂવારે બપોરના સમયે ત્રણેક વાગે ત્રણ વર્ષની બાળકી હજીરા ગામ નવીન મોડનની ચાલમાંથી ગુમ થઈ હતી. સાંજે પાંચેક વાગે બાળકી લોહી લુહાણ હાલતમાં મળી આવતા પરિવારના સભ્યો નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. બાળકીના ગુપ્ત ભાગેથી લોહી નીકળતું હતું અને વીર્યના ડાઘા પણ મળી આવતા દુષ્કર્મ થયુ હોવાની પુષ્ટિ થઈ હતી. આ બનાવ અંગે હજીરા પોલીસે શંકાના આધારે પાંચેક સગીરોને પકડી પૂછપરછ હાથ ધરી છે. આરોપી અંગે હજી કોઈ ચોક્કસ કળી મળી નથી. પોલીસ અને એફએસએલની ટીમ દ્વારા આજે ઘટના સ્થળની મુલાકાત લેવામાં આવી હતી.

દિવ્યેશ દરજીનું વધુ એક કૌભાંડ: 'દેકાડો કોઈન'ના નામે કરોડો ડુબાડ્યા

સુરત

બીટકોઈનના નામે સુરત સહીત દેશ અને દુનિયા ભરમાં લોકોનાં કરોડો રૂપિયા ડુબાડી દેનારા દિવ્યેશ દરજીનું વધુ કૌભાંડ સામે આવ્યું છે. સુરત સીઆઈડી ક્રાઈમ યુનીટે દિવ્યેશ દરજીનાં દેકાડો કોઈન કૌભાંડમાં રૂ. ૪૮ લાખની ઠગાઈનો ગુનો નોંધ્યો છે. દિવ્યેશ ઉપરાંત રણજીત સક્સેના સહિતના નામોનો પણ ઉલ્લેખ કર્યો છે. સીઆઈડીનું કેહવું છે કે આ કૌભાંડ ૫૦૦ કરોડથી વધુનું હોઈ શકે છે.

સીઆઈડી ક્રાઈમના જણાવ્યું અનુસાર સુરતમાં રહેતા દિવ્યેશ ધનસુખલાલ દરજી અને રણજિત સક્શેનાએ વર્ષ ૨૦૧૮માં દેકાડો કંપની બનાવી તેનું વિદેશમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તમામે સુરતના પીપલોદ વિસ્તારમાં આવેલા ઈન્ટરનેશનલ બિઝનેશ સેન્ટર ખાતે ઓફિસ શરૂ કરી હતી. દિવ્યેશે અને રણજીતે વેબસાઈટ બનાવી પિરામિડ સીસ્ટમ મુજબ ઉંચુ કમિશન આપવાની જાહેરાતો કરી સમગ્ર વિશ્વમાં રોકાણકારો પાસેથી બીટકોઈન સ્વીકારી દેકાડો કોઈનનો આઈ.સી.ઓ લાવી દેકાડો કોઈન લોંચ કર્યો હતો.

દિવ્યેશ ધનસુખલાલ દરજી અને રણજિત સક્શેનાએ લાખો કોઈનનું વેચાણ કરી કોઈનને લાગતા સ્ટેકિંગ, લેન્ડિંગ, માઈનિંગ તથા ટ્રેડિંગના પ્લોટફોર્મ બનાવી રોકાણકારો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ બીટકોઈન, દેકાડો કોઈન, ઈથીરીયમ મારફતે મેળવ્યા હતા. તમામે દેશ અને વિદેશમાં દેકાડો કોઈનના પ્રમોશન કાર્યક્રમો પણ કર્યા હતા. દેકાડો કોઈન માટે તેમને અલગ અલગ સ્કીમો બનાવી હતી, જેમાં ૧ માસમાં ૪૨ ટકા સુધીના વળતર તથા ૦.૫ થી લઈને ૭ ટકા સુધી અપલાઈન રેફરલ બોનસ, દર મહિને ૧૨ ટકા, ૬ મહિને ૭૨ ટકા વ્યાજ આપવાની, ઉપરાંત લેન્ડીગ પ્લેટફોર્મમાં રોકાણકારોને રોજના ૧ થી ૨ ટકા વ્યાજ અને લોકીંગ પિરિયડ પૂર્ણ થયા બાદ ૧૫ ટકા સુધી બોનસ કમિશનની જાહેરાત કરી હતી.

અલ્પેશ કથિરીયાના જામીન રદ કરવા કરાઈ અરજી, કોર્ટ ૧૫મી આપશે ચુકાદો

સુરત

પાટીદાર નેતા અલ્પેશ કથિરીયાનાં રાજદ્રોહના કેસમાં મળેલા જામીન રદ કરી તેને ફરીથી જેલમાં મોકલવા માટેની કરાયેલી અરજીમાં બંને પક્ષોની દલીલો સુરત જીલ્લા કોર્ટમાં શુક્રવારે સવારે કરવામાં આવી હતી. દલીલો સાંભળ્યા બાદ કોર્ટ ૧૫મી જાન્યુઆરીનાં રોજ પોતાનો ચુકાદો સંભળાવશે. સરકાર પક્ષ દ્વારા અલ્પેશ સામે થયેલી ફરિયાદો, તેના અપશબ્દો વાળી સીડી તથા સોશિયલ મીડિયાના મેસેજનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તો બચાવ પક્ષે પોલીસ દ્વારા દ્વેષભાવ રાખી કાર્યવાહી કરવા સહિતના મુદ્દે દલીલો કરી હતી.

પાટીદાર અનામત આંદોલન સમીતીના નેતા અલ્પેશ કથિરીયાને રાજદ્રોહના કેસમાં કેટલીક શરતોને આધીન સુરત જીલ્લા કોર્ટે જામીન આપ્યા હતા. ત્યારે હવે સુરત ક્રાઈમ બ્રાન્ચે અલ્પેશના જામીન રદ કરી તેને ફરીથી જેલમાં મોકલવા માટે અરજી કોર્ટ સમક્ષ કરી છે. જેમાં છેલ્લા બે દિવસથી દલીલો ચાલી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે કરેલી અરજીમાં સંદર્ભે કોર્ટમાં દલીલો કરતા મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ કહ્યું છે કે અલ્પેશ સતત જામીન પર મુક્તિ માટે અપાયેલી શરતોનું પાલન નથી કરી રહ્યો, ૨૫મી ડિસેમ્બરનાં રોજ અલ્પેશે સુરત કલેકટર ઓફિસમાં રજાના દિવસે જબદ્દસ્તી ઘુસી જઈ ધારણા કર્યા હતા, સાથે જ જીલ્લા કલેકટર સાથે પણ અસભ્ય વર્તન કર્યું હતું.





